સુધીર ભાર્ગવ
સચિવ

ભારત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય
શાસ્ત્રી ભવન, નવી દિલ્હી-૧૧૦૦૦૧
નવેમ્બર-૨૮, ૨૦૧૪

અ.સ.નં.P-13011/7(9)/2014-DP.IIICTG)

સ્નેહી શ્રી પાંડિયન

આપને વિદિત હશે કે વ્યંઢળ/કિન્નર સમુદાયને જે સમસ્યાઓનો સામનો કરવો પડે છે તેનો ઊંડો અભ્યાસ કરવા માટે મંત્રાલયની અંદર એક નિષ્ણાત સમિતિ રચના કરવામાં આવી હતી. સમિતિએ વ્યંઢળ/કિન્નર જાતિના વ્યક્તિઓની પરિસ્થિતિમાં સુધારણા લાવવા માટેના વિવિધ પગલાં સૂચવવાનો પોતાનો અહેવાલ તા.૨૭ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ રજૂ કરેલ છે. તે પછી નામદાર સુપ્રિમ કોર્ટે નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટી (NLSA) એ કરેલી રીટ અરજી નં. ૪૦૦/૨૦૧૨ ના સંદર્ભે તા.૧૫.૪.૨૦૧૦ના દિવસે પોતાના ચુકાદામાં કેન્દ્ર અને રાજ્ય સરકારને વ્યંઢળ/કિન્નર સમુદાયનાં કલ્યાણ માટે વિવિધ પગલાં લેવા માટે સૂચના આપી છે, તેમજ ઉપરના ચુકાદાની અંદર કરવામાં આવેલ કાનુની ઘોષણા ઉપર આધારિત નિષ્ણાત સમિતિની ભલામણો તપાસવા માટે પણ અનુરોધ કર્યો છે.

૨. નિષ્ણાત સમિતિની વિવિધ ભલામણો પૈકી એક ભલામણ એ પણ હતી કે વ્યંઢળ/કિન્નર સમુદાયના સશક્તિકરણ માટે એક છત્રરૂપ યોજના તૈયાર કરવી તદનુસાર મંત્રાલયે વ્યંઢળ/કિન્નર સમુદાયના કલ્યાણ માટે નીચેના પાંચ કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓને સમાવતી એક છત્રરૂપ યોજના ઘડી કાઢી છે.

૧. વ્યંઢળ/..ન્નર બાળકોની માતા-પિતાને નાણાકીય સહયોગ માટેની યોજના

૨. ધોરણ- VII થી ધોરણ X માં અભ્યાસ કરતા – PTO

* અંગ્રેજીમ' જેને માટે Transgender શબ્દ પ્રયોગ કરવામાં આવેલ છે. તે જેની પુરુષજાતિ કે સ્ત્રી જાતિ નથી એવી ન્યાનતર જાતિની વ્યક્તિઓ ગુજરાતમાં વ્યંઢળ/કિન્નર પાવૈયા, ફાતડા જેવા જુદા જુદા શબ્દો પ્રયોજવામા આવેલો.

વ્યંઢળ/કિન્નર વિદ્યાર્થીઓ માટેની પૂર્વ- મેટ્રીક શિષ્યવૃત્તિની યોજના

iii XI અને તેથી ઉપરનો ભારતમાં અભ્યાસ કરતાં વ્યંઢળ/કિન્નર વિદ્યાર્થીઓને માટે અનુ-મેટ્રિક શિષ્યવૃત્તિની યોજના

IV વ્યંઢળ/કિન્નર જાતિની વ્યક્તિઓ માટે કૌશલ્ય વિકાસ માટેની તાલીમ માટે સહાયની યોજના.

V વ્યંઢળ/કિન્નર વ્યક્તિઓ માટે રાષ્ટ્રિય મિશન યોજના

૩. ઉપરના ફકરા ૨(i) માં દર્શાવેલી યોજના કેન્દ્રના ક્ષેત્રની યોજના છે. બાકીની ફકરા-૨ (ii ) થી ૨ (v) સુધીની યાદીમાં આવતી યોજનાઓ કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ છે. જે માટે કેન્દ્રીય ફાળો ૭૫% છે અને રાજ્ય / કેન્દ્ર શાષિત પ્રદેશોનો ફાળો ૨૫% છે. આ યોજનાઓની નકલો પત્રની સાથે રવાના કરેલ છે.

૪. મંત્રાલય આ યોજના તાત્કાલિક ધોરણે શરૂ કરવા ઈચ્છે છે. આ યોજનાઓમાં કેટલોક રાજ્ય સરકારોનો ફાળો હોવાથી આ યોજનાનો અમલ કરવામાં આપની સહમતિ મળશે તો આભારી થઈશ. ઉપર દર્શાવ્યુ છે તે પ્રમાણે, નામ.સુપ્રિમકોર્ટે રાજ્ય સરકારોને પણ વ્યંઢળ/કિન્નર સમુદાય માટે કલ્યાણ લક્ષી પગલાં લેવા સૂચના આપી છે.

સનમાન સહ, આપનો સન્નિષ્ઠ

સહી

(સુધીર ભાર્ગવ)

શ્રી ડી.જે.પાંડિયન
મુખ્ય સચિવ,
ગુજરાત સરકાર,
ગાંધી નગર.

# વ્યંઢળ/કિન્નર જાતિના લોકો

# (ઉંમર વર્ષ ૪૦ થી ૬૦)

# માટેની રાષ્ટ્રીય પેન્શનની કેન્દ્ર પુરસ્કૃત યોજના

ભારત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકાર

## સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય

## વ્યંઢળ/કિન્નર જાતિના લોકો માટેની રાષ્ટ્રીય પેન્શન યોજના

### ૧. પરિચય

વ્યંઢળ/કિન્નર લોકો માટેની રાષ્ટ્રીય પેન્શન યોજના એ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયે સૂચિત કરેલો કલ્યાણલક્ષી કાર્યક્રમ છે. આ યોજનાનો અમલ ગ્રામીણ વિસ્તારોમાં તેમજ શહેરી વિસ્તારોમાં કરવાનો છે. આ યોજના, ભારતના બંધારણમાં સમાવિષ્ટ રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો, જે રાજ્યને પોતાના સાધનોની મર્યાદામાં રહીને, અનેકવિધ કલ્યાણલક્ષી કાર્યક્રમો હાથ ધરવા માટે પ્રેરે છે. તે સિધ્ધ કરણની દિશામાં એક અત્યંત મહત્વપૂર્ણ કદમ છે. આ રાજ્ય નીતિના માર્ગદર્શનક સિધ્ધાંત નાગરિકોને આજીવિકામાં પર્યાપ્ત સાધનો ઉપલબ્ધ કરવા માટે, તેમનું જીવન ધોરણ સુધારવા માટે, જાહેર આરોગ્યની સ્થિતિમાં સુધારો લાવવા માટે, બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ ઉપલબ્ધ કરી આપવા માટે વગેરે માટેનો ઈરાદો ધરાવે છે. વિશેષ કરીને ભારતની બંધારણની કલમ-૪૧ ની જોગવાઈ રાજ્યોને પોતાના નાગિરીકો માટે કામ કરવાનો અધિકાર પ્રાપ્ત કરવા માટે, શિક્ષણ પ્રાપ્ત કરવા માટે, બેરોજગારી, વૃધ્ધાવસ્થા, બિમારી, વિકલાંગતા અને અન્ય જરૂરિયાતોના કિસ્સાઓમાં પોતાની આર્થિક ક્ષમતા અને વિકાસની મર્યાદામાં રહીને જાહેર સહાય ઉપલબ્ધ કરવા માટે જોગવાઈ ધરાવે છે. કલમ-૧૪, તમામ લોકોને કાયદા આગળ સમાનતાની ખાતરી આપે છે. કલમ-૧૯(૧) તમામ નાગરિકો માટે વાણી અને અભિવ્યક્તિની સ્વાતંત્ર્ય માટેની ખાતરી આપે છે. કલમ-૨૧ તમામ લોકો માટે જીવનમાં અને અંગત સ્વતંત્રતાના રક્ષણ માટેની ખાતરી આપે છે. કલમ-૧૫(૧), ૧૫(૨) અને ૧૬(૨) સ્પષ્ટ શબ્દોમાં જાતિના આધારપર ભેદભાવ પર પ્રતિબંધ ફરમાવે છે. આ તમામ માર્ગદર્શક સિધ્ધાંતો અનુસાર જ કેન્દ્ર સરકારે વ્યંઢળ/કિન્નર જાતિ નાલોકોને સહન કરવી પડતી સમસ્યાઓનો અભ્યાસ કરવા માટે અને તેમની સમસ્યાઓના નિવારણ માટેના યોગ્ય ઉપાયો સૂચવવા માટે નિષ્ણાંત સમિતીની રચના કરી હતી. આ સમિતીએ સરકારને પોતાનો અહેવાલ રજૂ કરી દીધો છે. વળી નામ.સુપ્રિમકોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકારોને તેમના તા.૧૫.૪.૨૦૧૪ના ચૂકાદાથી વ્યંઢળ/કિન્નરોના કલ્યાણ અર્થે સમાજ કલ્યાણની યોજનાઓ ઘડવા માટે પગલાં લેવા સૂચવેલું છે.

જેમને પોતાની નાણાકીય સલામતી સુનિશ્ચિત કરવા માટે આર્થિક સશક્તિકરણ માટેની સરકારની કોઈપણ યોજના નીચે કોઈ કારણસર સહાય આપી શકતા નથી એવા ૪૦ થી ૬૦ વરસની વચ્ચેની વય ધરાવતા

વ્યંઢળો/કિન્નર વ્યક્તિઓને, વ્યંઢળો/કિન્નરો માટેની સુચિત રાષ્ટ્રીય પેન્શન યોજના અંતર્ગત પેનશન આપવા માટેની જોગવાઈ છે. આ યોજના એવી અપેક્ષા રાખે છે કે દેશના તમામ વ્યંઢળો/કિન્નરો પોતાની અદીઠ જીંદગીમાંથી બહાર આવી પોતાના જીવનને સલામત બનાવવા દ્વારા રાષ્ટ્રીય નિર્માણ અને વિકાસની પ્રવૃત્તિઓમાં ભાગ લઈ પોતાની જાતને માટે તક મળે છે.

**૨. પ્રવર્તમાન યોજનાની લક્ષાણિકતાઓ**

**(૧) યોજનાનું નામ- વ્યંઢળ/કિન્નર જાતિના લોકો માટેની રાષ્ટ્રીય પેન્શન યોજના**

**(૨) લાભાર્થીઓ માટે પાત્રતાના માપદંડ**

કેદ્રીય સહાય પ્રાપ્ત કરવાના હેતુ માટે નીચેના માપદંડ લાગુ પડશે.

૧. અરજદાર ભારત સરકારને સૂચિત કર્યા મુજબના માપદંડ અનુસાર વ્યંઢળ/કિન્નર જાતિના હોવા જોઈએ.

૨. અરજદારની ઉંમર ૪૦ વરસથી ઉપર અને ૬૦ વરસથી નીચેની હોવી જોઈએ અને તેમને પોતાની આર્થિક સલામતીની સુનિશ્ચિત કરવા માટે સરકારની વ્યંઢળો/કિન્નરો માટે આર્થિક સશક્તિકરણ માટેની કોઈપણ યોજના અંતર્ગત કોઈ કારણસર સહાય આપી શકાતી ન હોય.

**૩. યોજનાના ભંડોળ માટેની પધ્ધતિ**

આ યોજનાનો અલમ રાજ્ય સરકારો/કેન્દ્ર શાસિત વહીવટી તંત્ર કરશે. જેમને આ યોજના હેઠળ થનાર કુલ ખર્ચ ૭૫ ટકા રકમ ભારત સરકાર તરફથી કેન્દ્રીય સહાય તરીકે આપવામાં આવશે. બાકીની ૨૫ ટકા રકમ રાજ્ય સરકારે /કેન્દ્ર શાસિત વહીવટી તંત્રોએ ભોગવવાની છે. તેમ, રાજ્યોએ / કેન્દ્ર શાસિત વહીવટી તંત્રોએ પોતાના અંદાજપત્રમાં તેને માટેની જોગવાઈ કરવાની રહેશે. કેન્દ્ર સરકાર નાણાકીય વર્ષની શરૂઆતમાં અંદાજપત્રની ફાળવણી થયે કેન્દ્રના ફાળાની રકમનાં ૫૦% ટકા રકમની ફાળવણી કરશે. (વણવપરાયેલ પુરાંત જો હોય તો, તે ધ્યાનમાં લીધાબાદ રાજ્યો/કેન્દ્ર સાશિત વહીવટી તંત્રો પાસેથી દરખાસ્ત તથા આગલા નાણાકીય વર્ષમાં ઉપલબ્ધ કરવામાં આવેલસહાયની રકમના ઉપયોગિતા પ્રમાણમાં મેળવવા બાદ બાકીની ૫૦ ટકા રકમની ફાળવણી કરશે.

**આ યોજના અંતર્ગત કેન્દ્રીય સહાય લાભાર્થીદીઠ માસિક રૂપિયા ૭૫૦ ના દરે ઉપલબ્ધ કરાશે અને રાજ્યો / કેન્દ્ર શાસિત વહીવટીતંત્રો રૂપિયા ૨૫૦ નો ફાળો આપશે. આમ કુલ રૂપિયા ૧૦૦૦/- માસિક રકમ પેન્શન તરીકે ચુકવાશે.**

આ યોજના નીચે વર્ષમાં આશરે ૫૦૦૦ ભાર્થીઓને આવરી લેવાનું વિચારાયું છે. તેમ છતાં જો રાજ્યો/કેન્દ્ર શાસિત વિસ્તારો વધારે સંખ્યામાં પાત્રતા ધરાવતાં લાભાર્થીઓ શોધીને તેમને માટે સહાય ઈચ્છશે તો મંત્રાલય દ્વારા વધુ કેન્દ્રીય સહાય ઉપલબ્ધ કરાશે.

**૪. ચુકવણીની પદ્ધતિ**

પેન્શન લાભાર્થીના પોસ્ટ ઓફિસ કે બેન્કની ખાતામાં જમા કરવવામાં આવશે.

**૩. માહિતી-આધારનું કોમ્પ્યુટરાઈજેશન અને યોજનાનું સંચાલન**

યોજનાના અમલની પારદર્શિતા અને જવાબદારીની ભાવનાને વિસ્તૃત બનાવવા માટે તમામ લાભાર્થી સંબંધિત માહિતીને કોમ્પ્યુટરરાઈઝડ માહિતી-આધારમાં જાળવવાની રહેશે અને વ્યવસ્થિત કરવાની રહેશે કે જેથી દરેક લાભાર્થીને ચુકવવવા પાત્ર પેન્શનની રકમ સીધા તેના પોસ્ટ ઓફિસના ખાતામાં અથવા શિડ્યુલ વાણિજિયક બેન્કોના ખાતામાં જમા કરાવી શકાય. લાભાર્થીઓના નામની યાદી મંત્રાલયની વેબસાઈટ ઉપર મુકવા માટે મંત્રાલયને ઉપલબ્ધ કરવાની રહેશે.

**૪. યોજનાનું સુનિયંત્રણ**

આ યોજનાનો અમલ કરતી તમામ રાજ્યો સરકારો /કેન્દ્ર શાસિત વહીવટી તંત્રોએ લાભાર્થીઓની અને યોજના હેઠળ થયેલા ખર્ચની વિગતો નિયમિત રૂપે છ માસિક અહેવાલમાં ભારત સરકારને મોકલવાની રહેશે. રાજ્યો/કેન્દ્ર શાસિત વહીવટી તંત્રોઓ લાભાર્થીઓની અને યોજના હેઠળ થયેલા ખર્ચની વિગતો નિયમિત રૂપે છ માસિક અહેવાલમાં ભારત સરકારને મોકલવાની રહેશે. રાજ્યો/કેન્દ્રો શાસિત વહીવટીતંત્રો રકમની ફાળવણીને એવી રીતે સુપ્રવાહિત કરશે જેથી ચુકવણી સમયસર થઈ શકે. આ ઉપરાંત આ યોજના અંતર્ગત મંજુરી આપવાની વ્યવસ્થા વધુ પારદર્શક હશે, તેમાં દર વર્ષે લાભાર્થીઓની ચકાસણી કરવાની વ્યવસ્થા લાગુ કરવામાં આવી હશે, ક્ષેત્રીય નિરીક્ષણો હાથ ધરાશે તેમજ કેન્દ્રીય સહાયની રકમ અસલ લાભાર્થીને પહોંચે છે તેની ખાતરી કરવા માટે મુલાકાતો પણ યોજશે અને યોજનાના અમલ અંગેનાં પ્રતિભાવ મેળવવામાં આવશે. ગ્રામ પંચાયતો/નગરપાલિકાઓ આ યોજના નીચે લાભાર્થીઓની ઓળખ કરવામાં સક્રિય ભૂમિકા ભજવે તેવી તેમની પાસે અપેક્ષા રાખવામાં આવે છે, વળી આપવા પાત્ર કેન્દ્રીય સહાય, રાજ્યો/કેન્દ્ર શાસિત વહીવટીતંત્રોને તેમના તરફથી ઉપયોગિતા પ્રમાણપત્રો ઉપલબ્ધ થાય અને તેમની પાસે વણ વપરાયેલ પુરાંત પ્રશંતની રકમ ધ્યાનમાં લીધા બાદ જ ફાળવામાં આવશે.

# વ્યંઢળ/કિન્નર જાતિના
# વિદ્યાર્થીઓને પૂર્વ-મેટ્રિક
# શિષ્યવૃત્તિ આપવાની કેન્દ્ર પુરસ્કૃત યોજના
# (ધોરણ-૭ થી ધોરણ ૧૦ સુધી)

## માર્ગદર્શિકા

ભારત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિત મંત્રાલય,

ભારત સરકાર

## વ્યંઢળ/કિન્નર જાતિના વિદ્યાર્થીઓને પૂર્વ-મેટ્રિક

## શિષ્યવૃત્તિ આપવાની કેન્દ્ર પુરસ્કૃત યોજના

## (ધોરણ-૭ થી ધોરણ-૧૦ સુધી )

### સામગ્રી


| અ.નું. નં. | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧. | પ્રશ્ચાદ ભૂમિકા | |
| ૨. | ઉદ્દેશો | |
| ૩. | વ્યાપ | |
| ૪. | પાત્રતાની શરતો | |
| ૫. | માતાપિતાની /વાલીની વાર્ષિક આવક | |
| ૬. | શિષ્યવૃત્તિનું મૂલ્ય | |
| ૭. | ઉમેદવારની પસંદગી | |
| ૮. | સમયગાળો અને શિષ્યવૃત્તિનું નવીનીકરણ | |
| ૯. | શિષ્યવૃત્તિ ચુકવવાની | |
| ૧૦. | શિષ્યવૃત્તિ સાબુ રાખવા માટેની શરતો | |
| ૧૧. | યોજનાનો પ્રચાર અને અરજીઓ મંગાવવી | |
| ૧૨. | કાર્યપધ્ધતિ લાગુ કરવા | |
| ૧૩. | શિષ્યવૃત્તિના વિતરણની પધ્ધતિ | |
| ૧૪. | કેન્દ્રીય સહાયની પધ્ધતિ અને શરતો | |
| ૧૫. | સુનિયંત્રણ | |
| ૧૬. | યોજનાની જોગવાઈઓમાં ફેરફાર | |

(૫) કોઈપણ વર્ગમાં અભ્યાસ કરવા માટે એક વર્ષ માટે શિષ્યવૃત્તિ ઉપલબ્ધ કરાશે. જો કોઈ વિદ્યાર્થી અમુક વર્ગમાં નાપાસ થશે તો તેવા વ્યંઢળ/કિન્નર વિદ્યાર્થીને તે વર્ગના અભ્યાસ માટે બીજા (કે પછીના) વર્ષે શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે નહીં.

## ૫. માતાપિતા-વાલીની વાર્ષિક આવક

*શિષ્યવૃત્તિ એવા વિદ્યાર્થીઓને ચુકવવામાં આવશે જેમનાં માતા-પિતા-વાલીની તમામ સ્ત્રોતમાંથી થતી કુલ વાર્ષિક આવક રૂ.૨,૫૦,૦૦૦/- (રૂપિયા બે લાખ પચાસ હજાર) થી વધારે ન હોય.*

**નોંધ- ૧:** જો માતા કે પિતા પૈકી કોઈ એક વ્યક્તિ હયાત હોય તો જેને લાગુ પડતું હોય તેની તમામ સ્ત્રોતમાંથી થતી વાર્ષિક આવક ધ્યાનમાં લેવાની છે અને તે વખતે કુટુંબના કોઈ અન્ય વ્યક્તિ કદાચ કમાતા હોય તો પણ તેમના આવક ધ્યાનમાં લેવાની નથી. આવક જાહેર કરવાના નમૂનામાં આવક આ આધાર ૫ જાહેર કરવાની છે. જે કિસ્સામાં માતા અને પિતા એમ બંને વ્યક્તિઓ હયાત ન હોય (તેમજ પરિણીત પરંતુ બેરોજગાર સ્ત્રી-વિદ્યાર્થીના કિસ્સામાં પતિ હયાત ન હોય) તેવા કિસ્સામાં વિદ્યાર્થીને તેના અભ્યાસમાં સહાયક બનતા વાલીની આવક ધ્યાનમાં લેવાની છે. કમાતા એવા બંને માતા-પિતા પૈકી કોઈ એકનું દુર્ભાગ્યે મૃત્યુ થાય અને તેને પરિણામે માતા-પિતાની આવકને અસર પહોંચે અને તેથી આ આવક આ યોજનામાં સૂચિત કરવામાં આવેલ મહત્તમ આવકની મર્યાદામાં આવી જાય તેવા વિદ્યાર્થી, જો તેઓ પાત્રતાની અન્ય શરતો પરિપૂર્ણ કરતા હોય તો, જે મહિનાથી તેવો દુઃખદ બનાવ બને તે મહિનાથી શિષ્યવૃત્તિ મેળવવા માટે પાત્ર ઠરશે.

આવા વિદ્યાર્થી પાસેથી શિષ્યવૃત્તિ માટેની અરજી મેળવવાની આખરી તારીખ વીતી ગઈ હોય તો પણ વખતરૂપ કારણોસર, ધ્યાનમાં લઈ શકાશે.

**નોંધઃ૨:** માતા-પિતાને મળતા ઘરભાડા ભથ્થાની આવક, જો આવી આવકને આવક વેરાની હેતુઓ માટે મુકિત આપવામાં આવી હોય તો, 'આવક' ની ગણતરી કરતી વખતે તેની ગણતરી કરવામાંથી મુકિત અપાશે.

**નોંધ-3:** જે અભ્યાસ વખતે એક કરતાં વધુ વરસ માટે ચાલતા હોય તેવા અભ્યાસક્રમો માટે, માત્ર એક જ વખત તેમાં પ્રવેશ મેળવતી વખતે જ આવકનું પ્રમામપત્ર લેવાનું રહેશે.

**નોંધ-૪:** આવકની ટોચ મર્યાદા દર બે વર્ષે, જે વર્ષે આ ટોચ મર્યાદામાં સુધારો કરવો હોયતેના આગલાં વર્ષનાં ઓક્ટોમ્બર મહિના માટેના ઔદ્યોગિક કાયદાઓ માટેના ગ્રાહક ભાવ સૂચાંકની સાથે જોડીને સુધારવામાં આવશે. અને તેને એપ્રિલ મહિનાથી લાગુ કરાશે.

## ૬. શિષ્યવૃત્તિનું મુલ્ય

**શિષ્યવૃત્તિના મુલ્યના અંદર શિષ્યવૃત્તિ તથા અભ્યાસક્રમના સંપૂર્ણ સમયગાળા માટે એક વખત ચુકવાતી ગ્રાન્ટનો સમાવેશ થાય તેની વિગતો નીચે પ્રમાણે છે.**

શિષ્યવૃત્તિનો દર અને અન્ય ગ્રાન્ટની વિગતો નીચે પ્રમાણે છે.

| આઈટમ | ડેસ્કોલર (જે હોસ્ટેલમાં નહીં, પરંતુ પોતાને ઘેર રહીને શાખા/કોલેજ આવે છે) | હોસ્ટેલમાં રહેત વિદ્યાર્થી |
|---|---|---|
| શિષ્યવૃત્તિ પ્રતિમાસ કુલ ૧૦ મહિના માટે | ૧૫૦ | ૩૫૦ |

## ૭. ઉમેદવારની પસંદગી

**(૧)** તમામ પાત્ર ધરાવતા વ્યંઢળ/કિન્નર જાતિના વિદ્યાર્થીને આ યોજનામાં સૂચિત ક્યાં મુજબ શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

**(૨)** એક રાજ્યનો ઉમેદવાર જે બીજા રાજ્યમાં અભ્યાસ કરતો હોય તો વિદ્યાર્થી જે રાજ્યમાં અભ્યાસ કરતો હોય તે રાજ્ય સરકાર કેન્દ્ર શાસિત વહીવટી તંત્ર, તેને શિષ્યવૃત્તિ મંજુર કરશે.

## ૮. શિષ્યવૃત્તિનો સમયગાળો અને નવીનીકરણ

**(૧)** શિષ્યવૃત્તિ એક શૈક્ષણિક વર્ષમાં ૧૦ મહિના માટે ચુકવાશે.

**(૨)** એક વખત શિષ્યવૃત્તિ મંજુર થયા બાદ, સારા વર્તન અને હાજરીમાં નિયમિતાની શરતે, ચાલું રહેશે.

## ૯. શિષ્યવૃત્તિની ચુકવણી

**(૧)** શિષ્યવૃત્તિની તા.૧ એપ્રિલથી અથવા પ્રવેશના મહિનાથી, તે બે પૈકી જે પાછળનું હોય તે તારીખથી શરૂ કરી જે તે શૈક્ષણિક વર્ષનાં અંત સુધી, જ્યાં સુધી પરીક્ષાઓ પુરી ના થાય ત્યાં સુધી (રજાના દિવસો સહિત) ચુકવાશે, સિવાય કે તે વ્યંઢળ/કિન્નર વિદ્યાર્થીઓ જો મહિનાની ૨૦ મી તારીખ પછી પ્રવેશ મેળવેલો હશે તો પ્રવેશની મહિનાની પછીના મહિનાથી ને ચુકવવાપાત્ર બનશે.

**(૨)** શિષ્યવૃત્તિના નવીનીકરણની બાબતમાં તેને આગળના વર્ષમાં જે મહિના સુધી શિષ્યવૃત્તિ ચુકવાઈ હશે તે પછીના મહિનાથી તો ચુકવવામાં આવશે.

(૩) રાજ્ય સરકાર/કેન્દ્ર શાસિત વહીવટીતંત્ર જ્યાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય ત્યાં, આ બાબતે તે સરકારો દ્વારા નિયત કરવામાં આવેલ પધ્ધતિ અનુસાર પસંદ કરાયેલા વ્યંઢળ/કિન્નર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવાશે.

## ૧૦. શિષ્યવૃત્તિ ચાલુ રાખવાની શરતો

(૧) શિષ્યવૃત્તિનો આધાર વિદ્યાર્થીની સંતોષકારક પ્રગતિ અને વર્તન ઉપર રહેલો છે. જો સંસ્થાનાંવડા દ્વારા પેજમાં વંચાતું નથી.

પ્રમાણે અહેવાલ મોકલવામાં આવે છે / વિદ્યાર્થી કોઈપણ સમયે પોતાની જ ભૂલ કે ક્ષતિના કારણો સંતોષકારક પ્રગતિ કરવા નિષ્ફળ ગયેલ છે અથવા હડતાલનો આશરો લેવો કે તેવા ભાગ લેવો, સંબંધિત સત્તાવાળાઓની પરવાનગી વિના હાજરીમાં અનિયમિતતા દાખવવી વિગેરે જેવા ગેરવર્તનનો ગુનેગાર છે તો શિષ્યવૃત્તિ મંજુર કરનાર સત્તાતંત્ર, પોતાને યોગ્ય જણાય તેટલા સમયગાળા માટે તેની શિષ્યવૃત્તિ રદ કરી શકે અથવા તેની આગળ ચુકવણી કરવાનું બંધ કરી શકે અથવા રોકી રાખી શકે.

(૨) જો વ્યંઢળ / કિન્નર જાતિના વિદ્યાર્થીએ ખોટા નિવેદન મારફતે શિષ્યવૃત્તિ મેળવી લેવાનું જણાય તો તેની શિષ્યવૃત્તિ તાત્કાલિક અસરથી બંધ કરાશે અને તેને ચુકવવામાં આવેલ શિષ્યવૃત્તિની રકમ, સંબંધિત રાજ્ય સરકાર/કેન્દ્ર શાસિત વહીવટીતંત્રની મુનસફી અનુસાર પરત વસુલ લેવામાં આવશે. સંબંધિત વ્યંઢળ/કિન્નર જાતિના વિદ્યાર્થીનું નામ કાઢી યાદી (બ્લેક લીસ્ટ)માં મુકવવામાં આવશે અને કાયમ માટે, કોઈપણ યોજના અંતર્ગત શિષ્યવૃત્તિમાંથી રદ કરવામાં આવશે.

(૩) વ્યંઢળ / કિન્નર વિદ્યાર્થી, જો અભ્યાસક્રમની વરસ દરમ્યાન તેને જે અભ્યાસક્રમ માટે શિષ્યવૃત્તિ મંજુર કરવામાં આવી હોયતે અભ્યાસક્રમ પડતો મુકે તો તેણે રાજ્ય સરકારની મુનસફી અનુસાર શિષ્યવૃત્તિની રકમ પરત ચુકવવા માટે બંધાયેલ છે.

## ૧૧. યોજનાની પ્રસિધ્ધિ અને અરજીઓ મંગાવવી

૧૧.૧ આ યોજનાનો અમલ રાજ્ય/કેન્દ્ર શાસિત વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવશે. દરેક રાજ્ય સરકારો / કેન્દ્ર શાસિત વહીવટીતંત્રો, યોગ્ય સમયે તે જાહેરાત કરશે અને રાજ્યની અગ્રણી અખબારોમાં સ્થાનિક ભાષામાં આપીને તેમજ પોતાની સંબંધિત વેબ-સાઈટ ઉપર અને અન્ય માધ્યમો મારફતે જાહેરાત કરીને, અરજીઓ મંગાવશે, અરજદારે સંપૂર્ણરીતે તૈયાર કરેલી અરજી સૂચિત સત્તાતંત્રને, નીચે જણાવ્યા પ્રમાણે, અરજીઓ મેળવવા માટે સૂચિત કરવામાં આવેલી છેલ્લી તારીખ પહેલાં અરજી મોકલી આપવાની રહેશે.

૧૧.૨ રાજ્ય સરકારો/કેન્દ્ર શાસિત વહીવટીતંત્રો સ્થાનિક ભાષાની અંદર યોગ્ય પ્રકારનો અરજીનો નમૂનો સૂચિત કરીને વેબ સાઈટ ઉપર મુકશે. શાખાના સત્તાવાળાઓ આ નમુનાનું ફોર્મ પાત્રતા ધરાવતા

વ્યંઢળ/કિન્નર જાતિના વિદ્યાર્થીઓ પાસે ભરાવીને તેને તાલુકા/જિલ્લા કક્ષાના સત્તાવાળા ... તરફ રવાના કરશે. રાજ્ય સરકાર/કેન્દ્ર શાસિત વહીવટી તંત્ર આ યોજના હેઠળ શિષ્યવૃત્તિ મંજૂર કરવાની સત્તા યોગ્ય તે જિલ્લા તાલુકા કક્ષાની સત્તાતંત્રએ / સંસ્થાના વડાઓને યોગ્ય લાગે તે પ્રમાણે તબદીલ કરશે.

**૧૨. અરજી કરવાની પધ્ધતિ**

(૧) પૂર્વ-મેટ્રિક શિષ્યવૃત્તિ માટેની અરજીમાં નીચેનાનો સમાવેશ થવો જોઈએ.

**(અ)** સૂચિત નમૂનામાં શિષ્યવૃત્તિ માટેની અરજીની એક નકલ (નવો કેસ અને નવીનીકરણ ખાતેના શિષ્યવૃત્તિનો કેસ માટે સંબંધિત રાજ્ય સરકારો / કેન્દ્ર શાસિત વહીવટીતંત્રએ અલગ-અલગ અરજીપત્ર નમૂના નિયત કરવા)

**(બ)** (નવા શિષ્યવૃત્તિની કેસ માટે) વિદ્યાર્થીની સહી સાથે તેના પાસેથી પાસપોર્ટ સાઈઝના ફોટાની એક નકલ.

**(ક)** માતા-પિતા/વાલીઓ દ્વારા સહી કરેલી જાહેરાત કે તે બાળકમાં કયા જાતિ સંબંધિત વિચિત્રતાનાં લક્ષણો જણાય છે.

**(ડ)** સ્વરોજગારી ધરાવતાં માતા-પિતા / વાલી પાસેથી આવકની જાહેરાત જેમાં તેઓએ સોંગદનામું કરીને નોન જ્યુડિશીયલ સ્ટેમ્પ પેપર ઉપર પોતાની તમામ સ્ત્રોતમાંથી મળતી કુલ આવકની જાહેરાત કરવાની રહેશે. જો માતાપિતા/વાલી રોજગારી મેળવતાં હોય. તો તેઓએ પોતાના રોજગારી –દાતા પાસેથી આવકનું પ્રમાણપત્ર મેળવ્યા ઉપરાંત અન્ય સ્ત્રોતમાંથી કોઈ વધારાની આવક મેળવતી હોય તો તે સંબંધી નોન જ્યુડીશીઅલ સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામા પર તેની જાહેરાત કરવાની રહેશે.

**(ઈ)** જો અરજીકર્તા વિદ્યાર્થીને આ યોજના અંતર્ગત આગલા વર્ષે શિષ્યવૃત્તિ પ્રાપ્ત થયેલ હોય તો અરજીપત્રકની સાથે આગલા વરસે પ્રાપ્ત થયેલ શિષ્યવૃત્તિ મળ્યાની પહોંચ સંબંધિત સંસ્થા/શાખાના વડાના પ્રતિહસ્તાક્ષર સાથે, સામેલ રાખવી.

**(૨)** તમામ વિગતો સાથેની સંપૂર્ણ અરજી, વિદ્યાર્થી જે શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરતો હોય અથવા છેલ્લે અભ્યાસ કરેલ હોય તે સંસ્થા/શાખાના વડા મારફત યોગ્ય ચકાસણી કર્યાબાદ ઉપર ફકરા ૧૧. ૨ માં સુચિત કરવામાં આવેલ મંજુર કરનાર અને તેમની ભલામણ સાથેની અધિકારીને મોકલી આપવા.

**૧૩. શિષ્યવૃત્તિના વિતરણની પધ્ધતિ**

લાભાર્થીઓને શિષ્યવૃત્તિની રકમ સમયસર અને સાચી રકમની ચુકવણી થાય તે સુનિશ્ચિત કરવા માટે, રાજ્ય સરકારો/કેન્દ્ર શાસિત વિસ્તારોના વહીવટીતંત્ર છે. આ શિષ્યવૃત્તિની રકમ લાભાર્થીઓના પોસ્ટ ઓફિસ/બેન્કના ખાતામાં જમા થાય તે સુનિશ્ચિત કરવું તમામ રાજ્ય સરકારો /કેન્દ્રો શાસિત વહીવટી તંત્રો શિષ્યવૃત્તિઓ માટેનું ઈ.ચુકવણી વ્યવસ્થા સાથેની કોમ્પ્યુટાઈઝડ વ્યવસ્થા ને અમલ કરશે. સગીર

વ્યક્તિના કિસ્સામાં પોસ્ટ ઓફિસ/બેન્કમાં ખાતું સગીરના નામ સાથે તેમનાં માતા ના નામે સંયુક્ત ખાતુ અને માતા હયાત ન હોય તો પિતાની સાથે સંયુક્ત માટે અથવા વાલીઓના નામે, જે લાગુ પરતું હોય તે પ્રમાણે ખોલાવવું.

**૧૪. કેન્દ્રીય સહાયની પધ્ધતિ અને શરતો.**

**૧૪.૧** આ યોજના કેન્દ્ર પુરસ્કૃત યોજના છે અને તેનો અમલ રાજ્ય સરકારને અને કેન્દ્ર શાસિત પ્રદેશોના વહીવટી તંત્ર મારફતે થાય છે અને તેમને આ યોજના અંતર્ગત ભારત સરકાર તરફથી આ યોજના અંગે થનાર કુલ ખર્ચની ૭૫ ટકા લેખે કેન્દ્રીય સહાય મળવાપાત્ર છે. બાકીની ૨૫ ટકા રકમ રાજ્ય સરકાર કેન્દ્ર શાસિત પ્રદેશોની વહીવટી તંત્રએ ભોગવવાના છે તેથી તેઓએ પોતાના અંદાજપત્રમાં આ માટેની આવશ્યક જોગવાઈ કરવાની રહે છે. કેન્દ્ર સરકાર કેન્દ્રીય સહાયની કુલ રકમ ૫૦ ટકા રકમ નાણાકીય વર્ષની શરૂઆતમાં અંદાજપત્રની ફાળવણી થયે ફાળવાશે અને બાકીના ૫૦ ટકા રકમ (જો રાજ્ય પા. વણવપરાયેલ પુરાંત વધી હશે તો તે ધ્યાનમાં લીધા બાદ) અને રાજ્યો કેન્દ્ર શાસિત વહીવટી તંત્રો દ્વારા દરખાસ્ત મોકલાતાં તેમજ અગાઉના નાણાકીય વર્ષમાં મળેલ નાણાકીય સહાયતાં ઉપયોગીતા પ્રમાણપત્ર મોકલ્યા બાદ ફાળવવામાં આવશે.

**૧૪.૨** શિષ્યવૃત્તિના કુલ કેન્દ્રીય ખર્ચની ૧.૫ ટકા સુધીની રકમ કેન્દ્ર સરકાર દ્વારા વહીવટી ખર્ચ વ્યવસ્થાપન સુનિયંત્રણ અને મુલ્યાકન ઈત્યાદી પેટે વાપરી શકાશે અથવા તે રકમ શિષ્યવૃત્તિ માટેની રકમ ઉપરાંત રાજ્ય સરકારો/કેન્દ્ર શાસિત વહીવટી તંત્રોને તેમના તરફથી આ સંદર્ભે દરખાસ્તો મળ્યા બાદ તે દરખાસ્તોને આધારે ફાળવવામાં આવશે. જો કે આ અન્વયે કોઈ નવી જગ્યા ઊભી કરાશે નહીં.

**૧૫. શુનિયંત્રણ**

આ યોજનાઓનો અમલ કરનાર (રાજ્ય સરકારો /કેન્દ્ર શાસિત પ્રદેશો)

૧. ભારત સરકારને નિયમિત રૂપે માસિક અહેવાલના સ્વરૂપે લાભાર્થીઓની માહિતી અને આ યોજના હેઠળ થયેલા ખર્ચની વિગતો મોકલશો. આ હેતુ માટે ફાળવવામાં આવતી નાણાકીય સહાયનો અન્ય કોઈપણ હેતુ માટે ઉપયોગ કરી શકાસે નહીં.

૨. લાભાર્થીઓનો માહિતી આધાર તૈયાર કરાશે જેનું સંકલન યુ.આઈ.ડી.એ.આઈ સાથે (અ) આધાર નંબરનો સમાવેશ કરીને (બ) (UIDAI) પ્રેરિત બેન્ક ખાતા (UEDA) માં શિષ્યવૃત્તની રકમ જમા કરાવવા માટે અને (ક) લાભાર્થીઓની ઓળખ માટે UDAI અધિકૃતતા સેવાઓનો ઉપયોગ કરશે.

૩. એ બાબત શુનિશ્ચિત કરશે કે શિષ્યવૃત્તિ મેળવનારાઓની સંસ્થાદીઠ યાદી અને આવશ્યક વિગતો જિલ્લા કક્ષાએ NICની વેબસાઈટ ઉપર મુકવામાં આવે.

૪. રાજ્ય અને જિલ્લાકક્ષાએ વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ સંદર્ભે કોઈપણ વિવાદના ઉકેલ માટે વિવાદ ઉકેલ અધિકારીઓ (GRO) નું નામાકંન કરશે.

## ૧૬. યોજનાની જોગવાઈઓમાં ફેરફાર

યોજનાની જોગવાઈઓમાં કોઈપણ ફેરફાર કે સુધારા વધારા ભારત સરકારની મુનસફી અનુસાર કરી શકાશે.

# વ્યંઢળ/કિન્નર જાતિના વિદ્યાર્થીઓ માટે

# અનુ.મેટ્રિક શિષ્યવૃત્તિની કેન્દ્ર પુરસ્કૃત

# (ધોરણ-૧૧ અને તેની ઉપર)

## ભારત સરકાર

## સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

# વ્યંઢળ/કિન્નર જાતિના વિદ્યાર્થીઓ માટે ભારતમાં

# અભ્યાસ કરવા માટે અનુ.મેટ્રિક શિષ્યવૃત્તિની કેન્દ્ર પુરસ્કૃત યોજના

## સામગ્રી


| અનું નં. | | પાના નંબર |
|---|---|---|
| વિષય | | |
| ૧ | પશ્ચાદ ભૂમિકા | |
| ૨ | ઉદ્દેશો | |
| ૩ | વ્યાપ | |
| ૪ | પાત્રતાની શરતો | |
| ૫. | માતાપિતાની /વાલીની વાર્ષિક આવક | |
| ૬. | શિષ્યવૃત્તિનું મૂલ્ય | |
| ૭. | ઉમેદવારની પસંદગી | |
| ૮. | શિષ્યવૃત્તીનો સમયગાળો અને નવીનકરણ | |
| ૯. | ચુકવણી | |
| ૧૦. | શિષ્યવૃત્તિના વિતરણની પદ્ધતિ | |
| ૧૧. | શિષ્યવૃત્તિ માટેની અન્ય શરતો | |
| ૧૨ | યોજનાની જાહેરાત | |
| ૧૩. | અરજી કરવાની પદ્ધતિ | |
| ૧૪. | યોજનાના ભંડોળની પધ્ધતિ | |

## (ભારત સરકાર)

## સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય

ભારતમાં અભ્યાસ કરવા માટે વ્યંઢળ/કિન્નર જાતિના વિદ્યાર્થીઓ માટેની અનુ.મેંટ્રિક મેટ્રિક્યલેશન પછીની શિષ્યવૃત્તિની યોજના

### ૧. પ્રશ્ચાદ ભૂમિકા

બંધારણની કલમ ૧૪ તમામ વ્યક્તિઓને કાયદા સમક્ષ સમાનતાની ખાતર આપે છે. કલમ-૧૯(૧) તમામ નાગરિકોને માટે વાણી અને અભિવ્યકિતના સ્વાતંત્ર્યની ખાતરી આપે છે. કલમ-૨૧ તમામ લોકોને માટે ગૌરવપૂર્ણ જીવનની ખાતરી આપે છે. કલમ-૧૫(૧), ૧૫(૨) અને ૧૬(૨) સ્પષ્ટ શબ્દોમાં જાતિના આધારે ભેદભાવ ઉપર પ્રતિબંધ ફરમાવે છે. ઉપરની જોગવાઈની સંદર્ભે, શિક્ષણ સૌન માટે સમાન હોઈ તે વ્યંઢળ/કિન્નરો સૌને માટે સમાન હોઈ તે વ્યંઢળ/કિન્નરો સહિત તમામ જાતિના લોકો માટે ઉપલબ્ધ કરાવવું જોઈએ.તેથી, દેશના જુદા જુદા ભાગોમાં વસતા વ્યંઢળ/કિન્નર જાતિના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક શિષ્યવૃત્તિ ઉપલબ્ધ કરવાનું આયોજન કરવું જોઈએ.

### ૧. ઉદ્દેશો

યોજનાનો હેતુ વ્યંઢળ/કિન્નર જાતિના વિદ્યાર્થીઓ પોતાનું શિક્ષણ પૂરુ કરી શકે તે હેતુથી તેમને મદદ કરવા માટે મેટ્રિક પછી કે માધ્યમિક શિક્ષણ પછીના તબક્કે અભ્યાસ કરવા માટે નાણાકીય સહાય ઉપલબ્ધ કરવાની છે.

### ૨. વ્યાપ:

આ શિષ્યવૃત્તિઓ માત્ર ભારતમાં અભ્યાસ કરવા માટે છે અને તે અરજદાર જ્યાં અભ્યાસ કરતા હોય ત્યં રાજ્ય સરકાર/કેન્દ્રશાસિત વહીવટી તંત્ર દ્વારા ચુકવવામાં આવે છે.

### ૩. પાત્રતા માટેની શરતો

૧. આ શિષ્યવૃત્તિ ભારતના નાગરિકો માટે છે.

૨. આ શિષ્યવૃત્તિ, નીચેના અપવાદો સિવાય સ્વીકૃત સંસ્થાઓમાં હાથ ધરવામાં આવતા મેટ્રિક ક્યુલેશન પછીના માધ્યમિક અભ્યાસપૂર્ણ થયા બાદના અભ્યાસક્રમો માટે આપવામાં આવશે.

" આ શિષ્યવૃત્તિ એરક્રાફ્ટ મેઈનટન્સ એન્જિનીયર તાલીમ અભ્યાસક્ર માટે અથવા ખાનગી પાયલોટ તાલીમ લાયસન્સ અભ્યાસક્રમ આપવામાં આવશે નહીં. ટ્રેનીંગ સીક્ટ ડક્રીન (દવે રાજેન્દ્ર)ની અભ્યાસ કરવા માટે લશ્કરી કોલેઝ દહેરાદુન ખાતેની તાલીમી અભ્યાસક્રમો માટે

અખીલ ભારત કક્ષાએ અને રાજ્યકક્ષાએ પૂર્વ પરીક્ષા તાલીમ અભ્યાસક્રમ માટે પણ આ શિષ્યવૃત્તિ આપવામાં આવશે નહીં.

૩. માત્ર એવા વ્યંઢળ/કિન્નર ઉમેદવારો જેમણે મેટ્રિકક્યુલેશન અથવા ઉચ્ચતર માધ્યમિક અથવા અન્ય ઉચ્ચતર પરીક્ષા સ્વીકૃત યુનિવસીટીમાંથી અથવા માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી પસાર કરી હોય તેઓ જ આ શિષ્યવૃત્તિ માટે પાત્ર ગણાશે.

૪. જે ઉમેદવારો શિક્ષણનો એક તબક્કો પુરો કરી તેજ તબક્કા માટે જુદા વિષયમાં અભ્યાસ કરતાં હોય જેમ કે પ્રથમ વર્ષ સાન્યસ કર્યા પછી પ્રથમ વર્ષ આર્ટસ અથવા બી.એ. કર્યા પછી બી.કોમ અથવા એક વિષયમાં એમ.એ. કર્યા પછી બીજા વિષયમાં એમ.એ. કરતાં હોય તેઓ આ શિષ્યવૃત્તિ માટે પાત્ર બનશે નહીં.

૫. જે વિદ્યાર્થીઓ એક વ્યાવસાયિક ક્ષેત્રમાં પોતાની શૈક્ષણિક કારકીર્દી પુર્ણ કર્યા પછી અન્ય શૈક્ષણિક કારકીર્દી માટે અભ્યાસ કરતાં હશે જેમ કે બી.ટી., બીએઈડ થયા પછી એલ.એલ.બી. તેઓ આ શિષ્યવૃત્તિ મેળવવા માટે પાત્ર નથી.

૬. જે વિદ્યાર્થીઓ બહુલક્ષી (મલ્ટીપરપસ) હાઈસ્કૂલની ધોરણ-૧૨ માં અભ્યાસ કરતાં હોય અને ઉચ્ચતર માધ્યમિકની ધોરણ-૧૧માં અભ્યાસ કરતાં હોય તેઓ શાળાકીય અભ્યાસક્રમને સતત અભ્યાસકામ કરતાં હોવાથી શિષ્યવૃત્તિ મેળવવા પાત્ર નથી. પરંતુ જો આવા અભ્યાસક્રમાં ૧૦ ધોરણની પરીક્ષાને મેટ્રીક્યુલેશનની સમકક્ષ ગણવામાં આવતી હશે અને ત્યાં જો વિદ્યાર્થી ૧૦મું પાસ કરી અન્ય અભ્યાસક્રમમાં જોડાય તો તેમને અનુમેટ્રિક વિદ્યાથી ગણીને શિષ્યવૃત્તિ આપવા માટે પાત્ર ગણવામાં આવશે.

૭. જે વિદ્યાર્થી તબીબી શાખામાં અનુસ્નાતક અભ્યાસ ક્રમમાં જોડાયા હશે તેઓને જો તેમના અભ્યાસક્રમ દરમ્યાન તબીબ તરીકે પ્રેક્ટીસ કરવાની છુટ નહીં હોય તો તેઓ શિષ્યવૃત્તિ માટે પાત્ર ગણાશે.

૮. જે વિદ્યાર્થી આટર્સ/સાયન્સ/કોમર્સમાં સ્નાતક કક્ષાએ નાપાસ થઈ કે પાસ થઈ કોઈ વ્યવસાયિક અભ્યાસક્રમ અથવા ટેકનિકલ અભ્યાસક્રમનો પ્રમાણપત્ર / ડીપ્લોમાં / ડીગ્રી અભ્યાસક્રમમાં જોડાય તેઓ અન્યથા પાત્ર હશે તે શિષ્યવૃત્તિ માટે પાત્ર ગણાશે. ગ્રૂપ 'T' સિવાય પરીક્ષામાં બીજી નિષ્ફળતા (Subsequent failore) ચલાવી લેવાશે નહીં.

૯. જે વિદ્યાર્થીઓ પત્રવ્યવહાર દ્વારા અભ્યાસ કરતાં હશે તેઓ પણ પાત્રતા ધરાવે છે. "પત્ર વ્યવહાર દ્વારા" અને દૂરવર્તી શિક્ષણ અને સતત શિક્ષણ અભ્યાસક્રમો પણ સમાવિષ્ટ છે.

૧૦. નોકરી કરતાં વિદ્યાર્થીઓની આવક અને તેમના માતા-પિતા વાલીઓની સંયુકત આવક જો અનુમેટ્રીક અભ્યાસક્રમ માટે સુચિત કરવામાં આવેલી મહત્તમ આવક મર્યાદા કરતાં વધતી નહીં

હોય તેવા વિદ્યાર્થીઓને તમામ પરત નહી મળવાપાત્ર ચૂકવવાની થતી ફરજિયાત ફી ની રકમની પરત ચૂકવણી પૂરતા અનુ.મેટ્રીક અભ્યાસની શિષ્યવૃત્તિ માટે પાત્ર લેખાશે.

૧૧. એક જ માતા-પિતાના તમામ સંતાનો યોજનાનો લાભ લેવા માટે પાત્ર ગણાશે.

૧૨. આ યોજના અંતર્ગત શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થી અન્ય કોઈપણ શિષ્યવૃત્તિ સ્ટાઈપેન્ડ મેળવી શકશે નહીં જો તેને અન્ય કોઈપણ શિષ્યવૃત્તિ / સ્ટાઈપેન્ડ પ્રાપ્ત થતુ હોય તો તે વિદ્યાર્થીને બંને પૈકી કોઈપણ એક પોતાને લાભકર્તા હોય તે શિષ્યવૃત્તિ / સ્ટાઈપેન્ડ પસંદ કરી શકશે અને પોતે ક્યો વિકલ્પ પસંદ કર્યો છે તેની જાણ પોતાની શૈક્ષણિક સંસ્થાના વડા મારફતે શિષ્યવૃત્તિ/ સ્ટાઈપેન્ડ આપનાર સત્તાતંત્રને કરવાની રહેશે. વિદ્યાર્થી જે તારીખ થી અન્ય શિષ્યવૃત્તિ સ્ટાઈપેન્ડ મેળવવા માટે પોતાનો વિકલ્પ દર્શાવશે. તે તારીખથી તેને આ યોજના હેઠળ શિષ્યવૃત્તિ ચુકવાશે નહીં અલબત્ત તે વિદ્યાર્થી રાજ્ય સરકાર પાસેથી અથવા અન્ય કોઈપણ સ્ત્રોતમાંથી મફત રહેવાની વ્યવસ્થા અથવા પુસ્તકો, સાધનો ખરીદવા માટે અગર રહેવા જમવાનો ખર્ચ કરવા હેઠળ આ યોજના પેટે ચુકવાતી રકમ ઉપરાંત ઉચ્ચક નાણાકીય સહાય મેળવી શકશે.

૧૩. શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થી જેઓ કેન્દ્ર સરકાર રાજ્ય સરકારની નાણાકીય સહાય વળે કોઈ તાલીમની સંસ્થામાં પુર્વ પરિક્ષા તાલીમનું શિક્ષણ મેળવતાં હોય તેઓ આવા કોચીંગ માટેના કાર્યક્રમની સમયગળા દરમ્યાન કોચીંગ યોજના હેઠળ સ્ટાઈપેન્ડ મેળવવા માટે પાત્ર બનશે નહીં.

**નોંધ-૧.** આ યોજનાની આઈટમ નંબર-૪ (પાત્રતા માટેની શરતો)માં એમ દર્શાવવામાં આવ્યું છે કે સ્વીકૃત મેટ્રિક્યુલેશન પછીના તેમજ માધ્યમિક શિક્ષણ પછીના માન્ય તાલીમ અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિ ચુકવવામાં આવશે. તેઓ નીચે જુથ ૧ થી ૪ જે અભ્યાસક્રોની યાદી દર્શાવવામાં આવી છે તે માત્ર દ્રષ્ટાંતરૂપ યાદી છે અને સંપૂર્ણ યાદી નથી. રાજ્ય સરકરો/ કેન્દ્ર શાસિત વહીવટી તંત્રો તેમની કક્ષાએ અભ્યાસક્રમોનું યોગ્ય જૂથ નક્કીકરવા માટે સક્ષમ છે.

## ૫. <u>માતા-પિતા વાલીઓની વાર્ષિક આવક</u>

**શિષ્યવૃત્તિ એવા વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવશે જેમના માતા-પિતાની / વાલીઓની તમામ સ્ત્રોતમાંથી થતી વાર્ષિક આવક રૂા.૨, ૫૦,૦૦૦/- (રૂપિયા બે લાખ પચાસ હજાર) થી વધતી ન હોય.**

**નોંધ-૧:** જો માતા કે પિતા પૈકી કોઈ એક વ્યક્તિ હયાત હોય તો જેને લાગુ પડતું હોય તેની તમામ સ્ત્રોતમાંથી થતી વાર્ષિક આવક ધ્યાનમાં લેવાની છે. અને તે વખતે કુટુંબની કોઈ અન્ય વ્યકિત કદાચ કમાતા હોય તો પણ તેમની આવક ધ્યાનમાં લેવાની નથી. આવક જાહેર કરવાના નમુનામાં આવક આ આધાર પર જાહેર કરવાની છે. જે કિસ્સામાં માતા અને પિતા એમ બંને વ્યકિતઓ હયાત ન હોય (તેમજ પરણિત પરંતુ બેરોજગાર સ્ત્રી-વિદ્યાર્થીનીના કિસ્સામાં પતિ હયાત ન હોય) તેવા કિસ્સામાં વિદ્યાર્થીને તેના અભ્યાસમાં સહાયક બનતાં વાલીની આવક ધ્યાનમાં લેવાની છે. કમાતા એવા બંને માતા-પિતા પૈકી કોઈ એકનું દુર્ભાગ્યે

મૃત્યુ થાય અને તેને પરિણામે માતા-પિતાની આવકને અસર પહોંચે અને તેથી તે આવક આ યોજના હેઠળ સુચિત કરવામાં આવેલ મહત્તમ આવકની મર્યાદામાં આવી જાય તેવા વિદ્યાર્થી જો તેઓ પાત્રતાની અન્ય શરતો પરિપૂર્ણ કરતાં હોય તો જે મહિનાથી તેઓ દુ:ખદ બનાવ બને તે મહિનાથી શિષ્યવૃત્તિ મેળવવા માટે પાત્ર ઠરશે.

આવા વિદ્યાર્થી પાસેથી શિષ્યવૃત્તિ માટેની અરજી / અરજીઓ મેળવવાની આખરી તારીખ વીતિ ગઈ હોય તો પણ વળતરરૂપ કારણોસર, ધ્યાનમાં લઈ શકાશે.

**નોંધ-૨** – માતા-પિતાને મળતાં ઘરભાડા ભથ્થાની રકમની "આવક" જો આવી આવકને આવકવેરાના હેતુ માટે મુક્તિ આપવામાં આવી હોય તો આવકની ગણતરી કરતી વખતે તેની ગણતરી કરવામાંથી મુક્તિ અપાશે.

**નોંધ-૩** –જે અભ્યાસક્રમો એક કરતાં વધુ વરસ માટે ચાલતાં હોય તેવાં અભ્યાસક્રમો માટે માત્ર એક અકજ વખત તેમાં પ્રવેશ મેળવતી વખતેજ આવકનું પ્રમાણપત્ર લેવાનું રહેશે.

**નોંધ-૪** – આવકની ટોચ મર્યાદા દર બે વર્ષે જે વર્ષે આ ટોચ મર્યાદામાં સુધારો કરવો હોય તેના આગલા વરસની ઓક્ટોમ્બર મહિના માટેના ઔદ્યોગિક કામદારો માટેની ગ્રાહક ભાવ સુચાંકની સાથે જોડીને સુધારવામાં આવશે અને તેને એપ્રિલ મહિનાથી લાગુ કરાશે.

## ૬. શિષ્યવૃત્તિનું મુલ્ય

શિષ્યવૃત્તિના મુલ્યમાં સમગ્ર અભ્યાસક્રમના ગાળા દરમ્યાન નીચેનાનો સમાવેષ થાય છે.

૧. નિભાવભથ્થું

૨. પરત ન મળવાપાત્ર ફરજિયાત ભરવા પાત્ર ફી ની ચુકવણી.

(૧) હોસ્ટેલમાં રહેતી ન રહેતાં (Day scholars) વિદ્યાર્થીઓ માટેના નિભાવ ભથ્થાનો માસિક દર નીચે પ્રમાણે રહેશે.

| બાબત | હોસ્ટેલમાં ન રહેતા (Day scholars) | હોસ્ટેલમાં રહેતા |
|---|---|---|
| માત્ર ભારતમાં માન્ય સંસ્થાઓમાં તમામ પ્રકારના મેટ્રિક્યુલેશન પછીના કે માધ્યમિક શિક્ષણ પછીના તમામ માન્ય અભ્યાસક્રમોમાં અભ્યાસ કરવા માટે (નીચે જુથ ૧ થી ૪ માં આવા અભ્યાસક્રમોની યાદી દર્શાવી છે જે માત્ર નમૂનારૂપ યાદી | ૫૫૦ | ૧૨૦૦ |

| | | |
|---|---|---|
| છે. સર્વાંગી સંપૂર્ણ યાદી નથી.) | | |

**જૂથ**

**જૂથ-૧**

(૧) તબીબી શાખામાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષામાં અભ્યાસક્રમો (એલોપેથીક, ભારતીય અને અન્ય માન્ય તબીબી શાખાના અભ્યાસક્રમો) ઈજનેરી, ટેકનોલોજી, પ્લાનીંગ, આર્કીટ્રેચકર, ડીઝાઈન, ફેશન ટેકનોલોજી, કૃષિ, પશુ રોગચિકીત્સા અને સંલગ્ન વિજ્ઞાનો, વ્યવસ્થાપન, વ્યવસાયિક અભ્યાસક્રમો, ફાઈનાન્સ/વહીવટ/ કોમ્પ્યુટર સાયસન્સ/ એપ્લીકેશન

(૨) કોમર્સીયલ પાયલોટ લાયસન્સ (હેલીકોપટર પાયલોટ) અને મલ્ટીએન્જીન રેટીંગ અભ્યાસક્રમ સહિત.

(૩) મેનેજમેન્ટ (વ્યવસ્થાપન) / અને તબીબી અભ્યાસક્રમ તમામ અનુસ્નાતક ડિપ્લોમાં અભ્યાસક્રમો

(૪) સી.એ./ આઈસીડબલ્યુએ/ સી.એસ. / આઈસીએફએ વિગેરે

(૫) એમ.ફીલ., પીએચડી અને પોસ્ટ ડોક્ટરલ કાર્યક્રમો (ડી.લીટ અને ડી.એસ.સી. વિગેરે) ના જૂથ-૧, જૂથ-૨ અને જૂથ-૩ ના અભ્યાસક્રમો

(૬) એલ.એલ.એમ.

**જૂથ: ૨**

(૧) ડીગ્રી, ડિપ્લોમાં અને પ્રમાણપત્ર માટેના તમામ વ્યાવયસાયિક અભ્યાસક્રો જેવા કે ફાર્મસી (બી.કામ) નર્સિંગ (નર્સિંગ) એલ.એલ.બી. બી.એફ.એસ. અન્ય પેરા-મેડીકલ (સહ-તબીબી) શાખાઓ જેમે કે પુનઃસ્થાપન (Rehabilition) અને નિદાન (Dioagnostics) વગેરે. માસ કોમ્યુનિકેશન, હોટેલ મેનેજમેન્ટ, અને કેટરીંગ, ટ્રાવેલ/ટુરીઝમ/હોસિયટેલીટી મેનેજમેન્ટ, ઈન્ટીરીયર ડેકોરેશન, ન્યુટ્રીશન અને ડાયેટીટિક્સ, કોમર્સિઅલ આટર્સ, ફાયનાન્સિઅલ સર્વિસિસ (જેમ કે બેન્કીંગ, વીમા, કરવેરા વેગેરે) જેના માટે પ્રવેશ લાયકાત ન્યનતમ ધોરણ ૧૦ + ૨ (ઉચ્ચતર માધ્યમિક) છે.

(૨) જુથ ૧ માં નહી આવરી લેવાયેલા અનુસ્નાતક અભ્યાસક્રમો જે મ કે એમ. એ. / એમ.એસ.સી./ એમ.કોમ. /એમ.એડ/ એમ.કામ વેગેરે

**જૂથ-૩**

ઉપરના જૂથ-૧ અને ૨ માં નહી સમાવિષ્ટ એવા અને સ્નાતક (ડિગ્રી સુધીના) તમામ અભ્યાસક્રમો, જેમકે બીએ/ બીએસસી/ બી.કોમ વગેરે

**જૂથ-૪**

મેટ્રિક્યુલેશન પછીના ડિગ્રી સિવાયના અભ્યાસક્રમો જેને માટે પ્રવેશ લાયકાત હાઈસ્કૂલ કક્ષાની (એટલે કે (ધોરણ-૧૦) જેમકે સિનિયર સેકન્ડરી પ્રમાણપત્ર ધોરણ-૧૧ અને ૧૨ સામાન્ય તેમજ વ્યાવયાસિક

| |
|---|
| પ્રવાહમાં આઈઆઈટીના અભ્યાસક્રમો અભ્યાસક્રમે પોલિટેકનીકના ત્રણ વરસના ડિપ્લોમા અભ્યાસક્રમો વિગેરે. |

**નોંધ-૧** સામાન્યતઃ 'હોસ્ટેલ' શબ્દ એટલે સંદર્ભમાં વપરાય છે જેમાં શૈક્ષણિક સંસ્થાના સત્તાવાળાઓની દેખરેખ નીચે વિદ્યાર્થીઓ માટે સહિયારી રહેણાકીય વ્યવસ્થા હોય અને તે જ રીતે ચાલતું સહિયારું રસોડુ હોય. જો કોલેજના સત્તાવાળાઓ પોતાની કોલેજની હોસ્ટેલમાંરહેવા માટેની વ્યવસ્થા ઉપલબ્ધ ન કરી શકે તેમ હોય તો રહેઠાણ માટેના માન્ય સ્થાનને પણ હોસ્ટેલ તરીકે ગણી શકાય. આવા સ્થાનને સંસ્થાના વડા દ્વારા યોગ્ય નિરીક્ષણ હાથ ધરાયા બાદ અને યુનિવર્સિટીએ કોઈ નિયમો અને નિયમનો બનાવ્યા હોય એ ધ્યાનમાં રાખીને તે સ્થાનને માન્યતા આપી શકાય. આવા કિસ્સામાં, સંસ્થાના વડા દ્વારા એવું પ્રમાણપત્ર આપવું જોઈએ કે વિદ્યાર્થી રહેઠાણ માટેની માન્ય જગાએ રહે છે કારણ કે તેને કોલેજની હોસ્ટેલમાં સ્થાન આપી શકાયું નથી.

વિશેષમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે આવી હોસ્ટેલ સમાન જગ્યા (ડીમ્ડ)માં એવું સ્થળ હોવું જોઈએ જે ઓછામાં ઓછા પાંચ વિદ્યાર્થીઓના જૂથે, સાથે રહેવા માટે અને સહાયતા સહિયારી રસોડા વ્યવસ્થા સાથે ભાડે રાખ્યું હોય.

**૨. ફરિયાજીતા અને પરત નહીં મળવાપાત્ર ફીની પરત ચુકવણી (Reimbursement)**

વિદ્યાર્થીને તેણે શૈક્ષણિક સંસ્થાને અથવા યુનિવર્સિટી/બોર્ડને ફરજિયાત પણે ચુકવવાપાત્ર થતી નોંધણી શિક્ષણ, રમતગમત, પુસ્તકાલય, મેગેઝીન, તબીબી પરીક્ષણ વિગેરે પ્રકારની ફીની રકમ શિષ્યવૃત્તિ તરીકે આપશે. તેમાં પરત મળવાપાત્ર ડિપોઝીટ જેવી કે કૉશન મની, સિક્યોરીટી ડીપોઝીટ વગેરે બાકાત કરાશે.

**નોંધઃ-**મફત અને ફી ચુકવવાપાત્ર બેઠકો માટે માન્ય અભ્યાસક્ર માટે માન્ય શૈક્ષણિલક સંસ્થા દ્વારા સ્વીકારવામાં આવતી ફરિયાજીયાત અને પરત ન મળવાપાત્ર ફી, સંદામ રાજ્ય / કેન્દ્ર સરકારના સત્તા તંત્ર દ્વારા માન્ય કરવામાં આવેલ ફી ના માળખા અનુસાર પુરેપુરી ચુકવી શકાશે. ફી ચુકવવાપાત્ર બેઠકની સામે શિષ્યવૃત્તિ મંજુર કરતી વખતે રાજ્ય સરકારે ફરિજિયાતપણે આવકની ખરાઈ કરી લેવી.

## ૭. ઉમેદવારની પસંદગી

૧. તમામ પાત્રતા ધરાવતા વ્યંઢળ/કિન્નર ઉમેદવારને ઉપરના ફકરા ૪ અને ૫ માં જણાવેલ પાત્રતાની શરતો તેઓ પૂર્ણ કરતા હોય તો, તેમને શિષ્યવૃત્તિ ચુકવવામાં આવશે.

૨. એક રાજયને ઉમેદવાર જો બીજા રાજ્યમં અભ્યાસ કરતો હોય તો વિદ્યાર્થી જે રાજ્યમાં અભ્યાસ કરતો હોય તે રાજ્ય સરકાર/કેન્દ્ર શાસિત વહીવટીતંત્ર તેને શિષ્યવૃત્તિ મંજુર કરશે.

## ૮. શિષ્યવૃત્તિનો સમયગાળો અને નવનીકરણ

૧. એક વખત શિષ્યવૃત્તિ મંજુર થયા બાદ તે જે તબક્કે આપવાનું શરૂ કરવામાં આવે ત્યારથી માંડી અભ્યાસક્રમ પુરો થાય ત્યાં સુધી, સારા વર્તન અને હાજરીની નિયમિતતાની શરતે, ચુકવવામાં આવશે. તેનું વરસોવરસ નવીનીકરણ કરવામાં આવશે પરંતુ તે માટે જેટલાં વરસ માટે તે અભ્યાસક્રમ ચાલતો હોય તે સમયગાળા માટે વિદ્યાર્થીઓ, તેની પરીક્ષા યુનિવર્સિટી દ્વારા લેવાતી હોય કે સંસ્થા દ્વારા તો પણ દર વરસે બીજા આગળના વર્ષમાં બઢતી માટે પરીક્ષામાં ઉત્તીર્ણ થયાનું રહેશે.

૨. જો તે વ્યંઢળ/કિન્નર વિદ્યાર્થી જુથ-૧ માં દર્શાવેલાં અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા હોય અને પ્રથમ વખત તે પરીક્ષામાં નાપાસ થાય તો પણ શિષ્યવૃત્તિનું નવીનીકરણ કરાશે. પછી કોઈપણ વર્ગમાં બીજી કે તે પછીની નિષ્ફળતા થતાં તે વિદ્યાર્થી ઉત્તીર્ણ થઈને તેની પછીના વરસમાં બઢતી ન મેળવે ત્યાં સુધી પોતાના ખર્ચે શિક્ષણ મેળવશે.

૩. જો તે વ્યંઢળ/કિન્નર વિદ્યાર્થી બીમારીને કારણે અથવા કોઈ પૂર્વ-અનુમાનીત ન હોય તેવી ઘટનાને કારણે વાર્ષિક પરીક્ષામાં બેશી શકે તેમ ન હોય તો તબીબી પ્રમાણપ્રત્ર રજૂ કરતાં અને/અથવા સંસ્થાના વડાને સંતોષ થાય તે પ્રકારે તે પોતે પ્રમાણિત કરે કે જો તે પરિક્ષામાં બેઠા હોત તો તે અવશ્ય પાસ થઈ જાત તેના પૂરતા આવશ્યક પુરાવાં રજુ કરેતાં જો તે પરીક્ષામાં બેઠો હોત તો અવશ્ય પાસ થઈ જાત, તે પછીનાં શૈક્ષણિક વર્ષ માટે નવીકરણ કરાશે. તેના પૂરાતા આવશ્યક વર્ષ માટે નવીનીકરણ કરાશે.

૪. યુનિવર્સિટી / સંસ્થાના નિયમન અનુસાર, વ્યંઢળ/કિન્નર વિદ્યાર્થી, નીચેના વર્ગમાં પરીક્ષામં ઉતીર્ણ ન થાય અને તે છતાં તેને ઉપરની વર્ગમાં બઢતી આપવામાં આવે અને થોડાક સમય પછી તેને નીચેની વર્ગની પરીક્ષા આપવાની આવશ્યકતા રહેતી હોય તો તેને જે વર્ગમાં બઢતી આપવામાં આવી છે તે વર્ગ માટે શિષ્યવૃત્તિ, જો અન્યથા પણ તે શિષ્યવૃત્તિ માટે પાત્રતા ધરાવતો હોય તો, તેને મળવાપાત્ર થશે.

## ૯. ચુકવણી

૧. નિભાવભથ્થુ તા.૧ એપ્રિલથી અથવા પ્રવેશના મહિના થી તે બે પૈકી જે પાછળનું હોય તે તારીખથી શરૂ કરી જે તે શૈક્ષણિક વર્ષના અંત સુધી જ્યાં સુધી પરીક્ષા પુરી ન થાય ત્યાં સુધી (રજાના દિવસોના નિભાવભત્થા સહિત) ચુકવવાપાત્ર છે. સિવાય કે જો વ્યંઢળ/કિન્નર વિદ્યાર્થી જે મહિનાની વીશમી તારીખ પછી પ્રવેશ મેળવે છે તો પ્રવેશનાં મહિનાની પછીના મહિનાથી તે ચુકવવાપાત્ર બનશે.

| |
|---|
| પ્રવાહમાં આઈઆઈટીના અભ્યાસક્રમો અભ્યાસક્રમે પોલિટેકનીકના ત્રણ વરસના ડિપ્લોમા અભ્યાસક્રમો વિગેરે. |

**નોંધ-૧** સામાન્યતઃ 'હોસ્ટેલ' શબ્દ એટલે સંદર્ભમાં વપરાય છે જેમાં શૈક્ષણિક સંસ્થાના સત્તાવાળાઓની દેખરેખ નીચે વિદ્યાર્થીઓ માટે સહિયારી રહેણાકીય વ્યવસ્થા હોય અને તે જ રીતે ચાલતું સહિયારું રસોડુ હોય. જો કોલેજના સત્તાવાળાઓ પોતાની કોલેજની હોસ્ટેલમાંરહેવા માટેની વ્યવસ્થા ઉપલબ્ધ ન કરી શકે તેમ હોય તો રહેઠાણ માટેના માન્ય સ્થાનને પણ હોસ્ટેલ તરીકે ગણી શકાય. આવા સ્થાનને સંસ્થાના વડા દ્વારા યોગ્ય નિરીક્ષણ હાથ ધરાયા બાદ અને યુનિવર્સિટીએ કોઈ નિયમો અને નિયમનો બનાવ્યા હોય એ ધ્યાનમાં રાખીને તે સ્થાનને માન્યતા આપી શકાય. આવા કિસ્સામાં, સંસ્થાના વડા દ્વારા એવું પ્રમાણપત્ર આપવું જોઈએ કે વિદ્યાર્થી રહેઠાણ માટેની માન્ય જગાએ રહે છે કારણ કે તેને કોલેજની હોસ્ટેલમાં સ્થાન આપી શકાયું નથી.

વિશેષમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે આવી હોસ્ટેલ સમાન જગ્યા (ડીમ્ડ)માં એવું સ્થળ હોવું જોઈએ જે ઓછામાં ઓછા પાંચ વિદ્યાર્થીઓના જૂથે, સાથે રહેવા માટે અને સહાયતા સહિયારી રસોડા વ્યવસ્થા સાથે ભાડે રાખ્યું હોય.

**૨. ફરિયાજીતા અને પરત નહીં મળવાપાત્ર ફીની પરત ચુકવણી (Reimbursement)**

વિદ્યાર્થીને તેણે શૈક્ષણિક સંસ્થાને અથવા યુનિવર્સિટી/બોર્ડને ફરજિયાત પણે ચુકવવાપાત્ર થતી નોંધણી શિક્ષણ, રમતગમત, પુસ્તકાલય, મેગેઝીન, તબીબી પરીક્ષણ વિગેરે પ્રકારની ફીની રકમ શિષ્યવૃત્તિ તરીકે આપશે. તેમાં પરત મળવાપાત્ર ડિપોઝીટ જેવી કે કૉશન મની, સિક્યોરીટી ડીપોઝીટ વગેરે બાકાત કરાશે.

**નોંધઃ-**મફત અને ફી ચુકવવાપાત્ર બેઠકો માટે માન્ય અભ્યાસક્ર માટે માન્ય શૈક્ષણિલક સંસ્થા દ્વારા સ્વીકારવામાં આવતી ફરિયાજીયાત અને પરત ન મળવાપાત્ર ફી, સંદામ રાજ્ય / કેન્દ્ર સરકારના સત્તા તંત્ર દ્વારા માન્ય કરવામાં આવેલ ફી ના માળખા અનુસાર પુરેપુરી ચુકવી શકાશે. ફી ચુકવવાપાત્ર બેઠકની સામે શિષ્યવૃત્તિ મંજુર કરતી વખતે રાજ્ય સરકારે ફરિજિયાતપણે આવકની ખરાઈ કરી લેવી.

## ૭. ઉમેદવારની પસંદગી

૧. તમામ પાત્રતા ધરાવતા વ્યંઢળ/કિન્નર ઉમેદવારને ઉપરના ફકરા ૪ અને ૫ માં જણાવેલ પાત્રતાની શરતો તેઓ પૂર્ણ કરતા હોય તો, તેમને શિષ્યવૃત્તિ ચુકવવામાં આવશે.

૨. એક રાજયને ઉમેદવાર જો બીજા રાજ્યમં અભ્યાસ કરતો હોય તો વિદ્યાર્થી જે રાજ્યમાં અભ્યાસ કરતો હોય તે રાજ્ય સરકાર/કેન્દ્ર શાસિત વહીવટીતંત્ર તેને શિષ્યવૃત્તિ મંજુર કરશે.

૨. અગાઉના વરસોમાં ચુકવાતી શિષ્યવૃત્તિના નવીનીકરણના કિસ્સામાં અગાઉના વરસોમાં જે મહિના સુધી શિષ્યવૃત્તિ ચુકવવામાં આવી હોય અને જે મહિના સુધી શિષ્યવૃત્તિ ચુકવવામાં આવી હોય અને જો અભ્યાસ કરવાનું ચાલુ હોય તો તે પછીના મહિનાથી નિભાવ ભથ્થું ચુકવવામાં આવશે.

૩. રાજ્ય સરકાર/કેન્દ્ર શાસિત વહીવટીતંત્ર જ્યા વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય ત્યાં આ બાબતે તે સરકારો દ્વારા નિયત કરવામાં આવેલ પધ્ધતિ અનુસાર પસંદ કરાયેલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની રકમ ચુકવાશે.

૪. એમબીબીએન અભ્યાસ ક્રમમાં ઈન્ટર્નશીપ /હાઉસમેનશીપના સમયગાળા દરમ્યાન અથવા અન્ય અભ્યાસક્રમમાં વ્યવહારુ તાલીમના સમયગાળા દરમિયાન, જો વિદ્યાર્થીને ઈન્ટર્નશીપ દરમ્યાન કંઈક મહેનાતાણું ચુકવાનું હોય અગર અન્ય અભ્યાસક્રમમાં વ્યવહારુ તાલીમ દરમ્યાન કોઈ ભથ્થુ/સ્ટાઈપેન્ડ ચુકવાતુ હોય તો તે સમયગાળા દરમિયાનની શિષ્યવૃત્તિ ચુકવવામાં આવશે નહીં.

## ૧૦. શિષ્યવૃત્તિ વિતરણના પધ્ધતિ

વ્યંઢળ/કિન્નર જાતિના લાભાર્થીને શિષ્યવૃત્તિની સમયસર ચુકવણી થાય તે સુનિશ્ચિત કરવાના હેતુથી રાજ્ય સરકારો/કેન્દ્ર શાસિત વહીવટી તંત્રોને વિનંતી કરવામાં આવે છે કે તેઓએ શિષ્યવૃત્તિની રકમ રોકડ સ્વરૂપે ચુકવાનું ટાળવું અને સંબંધિત તમામને સુચના પાઠવવી કે વ્યંઢળ/કિન્નર જાતિના લાભાર્થીઓને શિષ્યવૃત્તિ રકમ તેમના પોસ્ટ ઓફિસ/બેન્કનાખાતા મારફતે ચુકવવા.

## ૧૧. શિષ્યવૃત્તિ માટેની અન્ય શરતો.

૧. શિષ્યવૃત્તિનો આધાર વિદ્યાર્થીની સંતોસકારક પ્રગતિ અને વર્તન ઉપર રહેલો છે. જો સંસ્થાના વડા દ્વારા એ પ્રમાણે મોકલવામાં આવે કે વિદ્યાર્થી કોઈપણ સમયે પોતાની જ ભૂલ કે ક્ષતિને કારણે સંતોષકારક પ્રગતિ કરવામાં નિષ્ફળ થયેલ છે અથવા હડતાલનો આશરો લેવો કે તેવાં ભાગ લેવાં સંબંધિત સત્તાવાળાઓની પરવાનગી લીધા વિના હાજરીમાં અનિયમિતતા દાખવવી વગેરે જેવા ગેરવર્તનનો ગુનેગાર છે તો શિષ્યવૃત્તિ મંજુર કરનાર સત્તાતંત્ર પોતાને યોગ્ય જણાયતેટલા સમયગાળા માટે આગળની તેની શિષ્યવૃત્તિ રદ કરી શકે અથવા તેની ચુકવણી કરવાનું બંધ કરી શકે અથવા રોકી રાખી શકે.

૨. જો વ્યંઢળ/કિન્નર જાતિના વિદ્યાર્થીએ ખોટા નિવેદન મારફતે શિષ્યવૃત્તિ મેળવી હોવાનું જણાય તો તેની શિષ્યવૃત્તિ તાત્કાલિક બંધ કરવામાં આવશે અને તેની ચુકવવામાં આવેલી શિષ્યવૃત્તિની રકમ સંબંધિત રાજ્ય સરકાર/કેન્દ્ર શાસિત વહીવટીતંત્રની મુનસફી અનુસાર પરત વસુલ લેવામં આવશે. સંબંધિત વ્યંઢળ/કિન્નર જાતિના વિદ્યાર્થીનું નામ કાળીયાદીમાં

(Black list) મુકવામાં આવશે અને કાયમ માટે કોઈપણ યોજના અંતર્ગત શિષ્યવૃત્તિ એની રદ કરવામાં આવશે.

૩. જે અભ્યાસક્રમ માટે શિષ્યવૃત્તિ મુળ સ્વરૂપે મંજુર કરવામાં આવી હોય તે અભ્યાસક્રમમાં અથવા તે અભ્યાસક્રમ માટેની સંસ્થામાં વિદ્યાર્થી રાજ્ય સરકાર/કેન્દ્ર શાસિત વહીવટી તંત્રની અગાઉથી મંજુરી મેળવવા વિના ફેરફાર કર્યે તે મંજુર કરવામાં આવેલી શિષ્યવૃત્તિ રદ કરી શકાશે. આવા કેસની જાણ સંસ્થાના વડા તેમને કરશે અને શિષ્યવૃત્તિની રકમ ચૂકવવાનું બંધ કરશે. અગાઉથી ચૂકવવામાં આવેલી રકમ પણ રાજ્ય સરકાર/કેન્દ્ર શાસિત વહીવટી તંત્રની મુનસફી (વિવેકબુધ્ધિ) અનુસાર પરત મેળવી શકાશે.

૪. વ્યંઢળ/કિન્નર વિદ્યાર્થી જો અભ્યાસક્રમના વર્ષ દરમ્યાન તેને જે અભ્યાસક્રમ માટે શિષ્યવૃત્તિ મંજુર કરવામાં આવી હતી તે અભ્યાસક્રમ પડતો મુકે તો તેણે રાજ્ય સરકારની મુનસફી અનુસાર શિષ્યવૃત્તિની રકમ પરત ચુકવવા માટે બંધાયેલ છે.

૫. આ યોજનામાં કરવામાં આવેલી જોગવાઈમાં ભારત સરકારની મુનસફી (વિવેકબુધ્ધિ) અનુસાર ફેરફાર કરી શકાશે.

## ૧૨. યોજનાની પ્રસિધ્ધિ

તમામ રાજ્ય સરકારો/કેન્દ્ર શાસિત વહીવટી તંત્રો રાજ્યના અગ્રણી અખબારોમાં જાહેરાત આપીને તેમજ પોતાની સંબંધિત વેબસાઈટ ઉપર તેમજ અન્ય માધ્યમો મારફતે મે, જુન માસમાં આ યોજનાની વિગતો જાહેર કરીને અરજીઓ મંગાવશે. વ્યંઢળ/કિન્નર જાતિના વિદ્યાર્થી જે રાજ્યમાં કેન્દ્ર શાસિત પ્રદેશમાં અભ્યાસ કરતાં હશે તે રાજ્યની સરકારને ઉદ્દેશીને અરજી પત્રકના નમુનાને અન્ય વિગતો માટે વિનંતી કરી શકાશે. અરજદારે સંપૂર્ણ રીતે ભરેલી અરજી સૂચિત સત્તા તંત્રને સૂચિત કરવામાં આપેલી આખરી તારીખ પહેલાં મોકલી આપવાની રહેશે.

## ૧૩. અરજી કરવાની પધ્ધતિ

૧. શિષ્યવૃત્તિ મેળવવા માટેની અરજીમાં નીચેની વિગતો સમાવિષ્ટ કરેલી હોવી જોઈએ.

અ. નિયત નમુનાની અંદર શિષ્યવૃત્તિ મેળવવા માટેની અરજીની એક નકલ (સંબંધિત રાજ્ય સરકારે કેન્દ્ર શાસિત પ્રદેશોની વહીવટી તંત્રે નવા કેસો માટે અને શિષ્યવૃત્તિના નવીનીકરણના કેસો માટે અલગ અલગ નમુના નિયત કરવા)

બ. નવા શિષ્યવૃત્તિના કેસ માટે પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફની એક નકલ જેના ઉપર વ્યંઢળ/કિન્નર વિદ્યાર્થીની સહી કરેલી હોવી જોઈએ.

ક. તેણે પાસ કરેલો તમામ પ્રમાણપત્ર ડિપ્લોમાં, ડીગ્રી ઈત્યાદી પરીક્ષાના પ્રમાણપત્રની એક અધિકૃત નકલ.

ડ. વ્યંઢળ/કિન્નર ઉમેદવાર દ્વારા પોતે જો તેની ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ હોય તો જાતે કરેલ જાહેરાત કે તે વ્યંઢળ/કિન્નર વ્યક્તિ છે. જો સંબંધિત વિદ્યાર્થીની ઉમર ૧૮ વર્ષથી ઓછી હોય તો તે વ્યંઢળ/કિન્નર વિદ્યાર્થીના માતા-પિતા / વાલીએ આવી જાહેરાત કરવી.

ઈ. સ્વરોજગારી ધરાવતા માતા-પિતા/વાલી પાસેથી આવકની જાહેરાત જેમાં તેઓએ સોગંદનામું કરીને નોન જ્યુડીશ્યલ સ્ટેમ્પ પેપર ઉપર પોતાની તમામ સ્ત્રોતમાંથી મળતી કુલ આવકની જાહેરાત કરવાની રહેશે. જો માતા-પિતા/વાલી રોજગારી મેળવતાં હોય તો તેઓએ પોતાના રોજગારી દાતા પાસેથી આવકનું પ્રમાણપત્ર મેળવ્યા ઉપરાંત અન્ય સ્ત્રોત માંથી કોઈ વધારાની આવક મેળવતાં હોય તો તે સંબંધિ નોન જ્યુડીશ્યલ સ્ટેમ્પુ પેપર ઉપર સોગંદનામાં પર તેની જાહેરાત કરવાની રહેશે.

એફ. જો અરજી કરતાં વિદ્યાર્થીને આ યોજના અતંર્ગત આગલાં વર્ષમાં શિષ્યવૃત્તિ પ્રાપ્ત થયેલી હોય તો અરજી પત્રકની સાથે જોડેલ નમૂનાની અંદર જ આગલાં વર્ષમાં પ્રાપ્ત થયેલ શિષ્યવૃત્તિ મળ્યાની પહોંચ સંબંધિત સંસ્થાના વડાના પ્રતિહસ્તાક્ષર સાથે બિડવી.

જી. તમામ વિગતો સાથેની સંપૂર્ણ અરજી વિદ્યાર્થી જે શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરતો હોય અથવા છેલ્લે અભ્યાસ કરેલ હોય તેના વડા મારફતે વિદ્યાર્થી જે રાજ્યમાં અભ્યાસ કરતો હોય તે રાજ્ય સરકાર/કેન્દ્ર શાસિત વહીવટી તંત્રએ આ હેતુ માટે જાહેર કરેલ હોય તે અધિકારીને તેમના તરફથી વખતો વખત જાહેર કરવામાં આવે તે સૂચનાઓ અનુસાર મોકલી આપવી.

**૧૪. યોજનાના ભંડોળની પધ્ધતી**

આ યોજનાનો અમલ રાજ્ય સરકારો/કેન્દ્ર શાસિત વિસ્તારોના વહીવટી તંત્રો મારફતે થાય છે. તેમને ભારત સરકાર તરફથી આ યોજના અંતર્ગત થતાં કુલ ખર્ચના ૭૫ % રકમ કેન્દ્રીય સહાય તરીકે મળશે. બાકીના ૨૫ % રકમ સંબંધિત રાજ્યોએ/કેન્દ્ર શાસિત પ્રદેશોએ ભોગવવાની રહેશે તેથી તેઓએ પોતાના અંદાજપત્રમાં તેને માટેની જોગવાઈ કરવાની રહેશે. કેન્દ્ર સરકાર નાણાકીય વર્ષની શરૂઆતમાં અંદાજપત્રની ફાળવણી થયે કેન્દ્રીય ફાળાની ૫૦ % રકમ છુટી કરશે. અને બાકીની ૫૦% રકમ (વણવપરાયેલી પુરાંત જો હોય તો તે ધ્યાનમાં લઈને) રાજ્ય સરકારો / કેન્દ્ર શાસિત પ્રદેશોના વહીવટી તંત્રો દ્વારા દરખાસ્ત તેમજ આગલાં નાણાકીય વર્ષમાં ઉપલબ્ધ કરેલી સહાયનું ઉપયોગીતા પ્રમાણપત્ર મોકલવાં ફાળવશે.

આ યોજનાનો અમલ કરનાર તમામ રાજ્ય સરકારો અને કેન્દ્ર શાસિત વિસ્તારોના વહીવટી તંત્રો

૧. ભારત સરકારને ૬ માસિક અહેવાલ સ્વરૂપે લાભાર્થીઓનો માહિતી આધાર અને આ યોજના હેઠળ થયેલા ખર્ચની વિગતો મોકલી આપશે. આ યોજના હેઠળ ફાળવામાં આવેલી નાણાંકીય સહાય અન્ય કોઈ હેતુ માટે વાપરી શકાશે નહીં.

૨. રાજ્ય અને જિલ્લા કક્ષાએ વ્યંઢળ/કિન્નર જાતિના વિદ્યાર્થીઓના શિષ્યવૃત્તિ સંબંધે કોઈપણ વિવાદના ઉકેલ માટે વિવાદ ઉકેલ અધિકારી (જીઆરઓ) નું નામાંકન કરશે.

# વ્યંઢળ/કિન્નર બાળકોના માતા-પિતાને

# નાણાંકીય સહયોગની યોજના

ભારત સરકાર

**સામાજિક ન્યાય અને અધિકારિત મંત્રાલય,**

**ભારત સરકાર**

**સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય વ્યંઢળ/કિન્નર બાળકોના માતા-પિતાને સહયોગરૂપ રકમ માટેની યોજના**

૧. **પરિચયઃ-**

વ્યંઢળ/કિન્નર લોકોને પોતાના જુથમાં આરોગ્ય સુવિધાઓની પ્રાપ્તીમાં, શિક્ષણમાં રોજગારીમાં સામાજિક યોજનાઓમાં (આવાસ બેન્ક વગેરેમાં) અને જીવનના તમામ ક્ષેત્રોમાં કલંક અને ભેદભાવનો અનુભવ કરતા હોય છે. વ્યંઢળ/કિન્નર વ્યક્તિઓનો શારીરિક રીતે શાબ્દિક રીતે અને જાતીય રીતે દૂરઉપયોગ થતો હોય છે. અંત્યત છેવાડાની કક્ષાના સામાજિક બહીસ્કારને કારણે તેમનું સ્વમાન અને ગૌરવ હણાય છે અને તેઓની સામાજિક જવાબદારીઓમાં ઘટોડા થાય છે.

ભારતના બંધારણની કલમમાં રાજ્યોને તેમની આર્થિક ક્ષમતાની અને આર્થિક વિકાસની મર્યાદામાં રહીને કામ કરવા માટેનો અધિકાર, શિક્ષણનો અધિકાર, બેરોજગારી, વૃધ્ધાવસ્થા, બીમારી અને અશક્તતાના તેમજ અન્ય જરૂરિયાતના કિસ્સાઓમાં જાહેર સહાય મેળવવાના અધિકારની જોગવાઈ કરવા ફરમાવે છે. ઉપરાંત અન્ય કલમ-૧૪ તમામ વ્યકિતઓની કાયદા માટે સભાનતા અને કલમ-૧૯(૨) વાણી અને અભિવ્યકિતનું સ્વાતંત્ર સુનિશ્ચિત કરે છે. કલમ-૧૫ (૧), ૧૫(૨) અને ૧૬ (૨) સ્પષ્ટ શબ્દોમાં જાતિના આધાર પર ભેદભાવ સાથે પ્રતિબંધ ફરમાવે છે.

૨. **વ્યંઢળ/કિન્નર બાળકોનો દરજ્જો**

જ્યારે બાળક, જેને અપેક્ષિત જાતિ-ભૂમિકાની દૃષ્ટિએ અયોગ્ય ગણાતું હોય તેવી રીતે વર્તવાનું શરૂ કરે ત્યારે મોટા ભાગના કુટુંબો તે પરિસ્થિતિ સ્વીકારી શકતાં નથી, પરિણામે, કુટુંના સભ્યો, પોતાના બાળકો છોકરી કે છોકરા જેવું વર્તન કરે અગર તે પ્રકારેવેશ પરિધામ કરે ત્યારે તેમને ધમકી આપે છે, ઠપકો આપે છે અગર શારીરિક શિક્ષા પણ કરે છે. કેટલાંક માતા-પિતા તો આવાં બાળક સમાજનાં સૂચિત કરવામાં આવેલાં જાતિ ધારાધોરણો વટાવે ત્યારે તેવું વર્તન કરવા માટે તેમજ તેમના તરફથી જે પ્રકારની ભૂમિકા ભજવવાનું અપેક્ષિત હોય તેવી ભૂમિકા નહીં ભજવવાને કારણે, સીધેધીધું આવા બાળકોનો અસ્વીકાર કરે છે અને તેમને તરછોડી દે છે. માતા-પિતા આવુંવર્તન દાખવવા માટે ઘણાં કારણો રજૂ કરી શકે. જેમકે, તેવા બાળકો પોતાને માટે અપકિર્ત લાવે છે અથવા કુટુંબને તેમને કારણે શરમમાં મુકાવું પડે છે અથવા ભવિષ્યમાં આવાં બાળકો માટે

સમાજમાં બટન કરવાની તકો ઘડી જાય છે અથવા તેવું બાળક ભવિષ્યમાં કુટુંબની જવાબદારી સ્વીકારવા અસર્થન બની જશે તેવી માન્યતા વગેરે.

### ૩. ટેકારૂપ સહાયની જરૂરિયાત

માતા-પિતાને પોતાના જાતિ-ભૂમિકા સાથે સુચવે નહીં સાધી શકતા અથવા વ્યંઢળ/કિન્નર પ્રકારા બાળકોને સહયોગ પૂરો પાડવા માટે અને તેમની મુંઝવણ અને ખૂબ ઊંડાં મુળ નાખી ગયેલ વર્તન વિષયક વલણોને દૂર કરવા માટે જાગૃતિની અને માહિતીની જરૂરિયાત છે. માતા-પિતાઓએ પોતાનાં બાળકોને ઘરની બહાર સંયુક્ત કુટુંબમાં, શાળામાં રમતના મેદાનમાં કોઈની દાદાગીરી કે અન્ય પ્રકારી હિંસાનું જોખમ રહેલું છે તે સંબંધી તેણે સાવધ રહેવાનું છે અને તદનુસાર તેમને સહયોગની જરૂર છે.તથા તેમણે એ બાબતની પણ નોંધ લેવાની જરૂર છે કે વ્યંઢળ/કિન્નર બાળક (છોકરો કે છોકરી) જેમ જેમ મોટું થતું જશે અને કિશોરાવસ્થા પ્રાપ્ત કરશે ત્યારે તેમા મનો-દબાણમાં ઉછાળો આવશે અને તેની સાથેનો ભેદભાવ વધારે ઉગ્ર બનશે.

બાળકને માટે તેમજ તેનાં માતા-પિતા માટે કાઉન્સીંગ/માર્ગદર્શન અને પરામર્શન સેવાઓની તેમજ અન્ય માનસિક સ્વાસ્થ્ય સેવાઓ જેનાથી બાળકની જાતિ ઓળખ સુદઢ થાય તેની જરૂર રહે છે. સહયોગવર્તીજુથો માતા-પિતાને

૩.૧ ખોટી માન્યતાઓ દૂર કરવામાં જાતિ જાતિયતા અને આંતરજાતિ વૈવિધ્ય વચ્ચેનો તફાવત સમજવામાં.

૩.૨. માતા-પિતાઓને એ સમજાવવામાં કે આવી પરિસ્થિતિમાં તેઓ તદ્દન એકલાં નથી.

૩.૩ કે તેમનું બાળક જાતિય સંબંધિત ધારા-ધોરણ કરતાં અલગ છે. તે કંઈ માતા-પિતા તરીકેની તમારી નિષ્ફળતાનું પરિણામ નથી એ સમજાવવામાં.

૩.૪ તેમના ગુસ્સા, ગેરમાન્યતા, આઘાત અથવા નિરાશા જેવી નકારાત્મક લાગણીઓ દૂર કરવામાં સહાયક બનવા માતા-પિતાઓને ઉપયોગી બની રહેશે. વિશેષમાં આંગણવાડી કેન્દ્રો અને સ્વસહાય જુથો જેવા વર્તમાન ક્ષેત્રોને પણ વ્યંઢળ/કિન્નરોના મુદ્દા સંબંધિત માહિતગાર કરી શકાય અને તેમને જાતિ ધારા ધોરણોની સાથે સુમેળ નહી સીધી શકતી બાળકો / યુવાનો સંબંધિત માતા-પિતાને આવી માહિતી આપવા માટે પ્રેરી શકાય.

ઉપરની બાબતો વિચારણામાં લઈને મંત્રાલયે વ્યંઢળ/કિન્નર બાળકોના માતા-પિતાઓની સહયોગરૂપ રકમ ઉપલબ્ધ કરવા માટેની યોજના તૈયાર કરી છે. જેથી તેવા બાળકોના માતા-પિતાને પોતાના વ્યંઢળ/કિન્નર બાળકોને સામાજિક અહિષ્ણુતા કલંક ભેદભાવ અને હિંસાની સામે તેમનો સફળતા પૂર્વક ઉછેર કરવામાં સહાય બની રહે. પ્રવર્તમાન યોજના પૂર્વમેટ્રીક અને અનુમેટ્રીક શિષ્યવૃત્તીની યોજનાના 'ફીડર' કાર્યક્રમ તરીકે પણ કાર્યરત બનશે.

૪. **યોજનાની લાક્ષણિકતાઓ**

૪.૧ યોજનાનું નામ

વ્યંઢળ/કિન્નર બાળકોના માતા-પિતાને નાણાકીય સહયોગ માટેની યોજના.

૪.૨. પાત્રતા માટેના માપદંડ

કેન્દ્રીય સહાય પ્રાપ્ત કરવા માટે નીચેના માપદંડ લાગુ પડશે.

૧. માતા-પિતાએ સોગંદનામું કરીને પ્રમાણિત કરવું પડશે કે તેમને એવું બાળક છે જે જાતિ સંબંધિત સમાજમાં સ્વીકાર્ય એવું વર્તન ધરાવતું નથી (જેનું વર્તન જાતિ બાબતમાં સમાજને અસ્વીકાર્ય હોય એવા પ્રકારનું છે. )

૨. બાળકની ઉંમર ૧૮ વર્ષ કરતાં ઓછી હોવી જોઈએ.

૩. માતા-પિતાનું મૃત્યુ થાય તેવા કિસ્સામાં સહાયક રકમ વાલીને ઉપલબ્ધ કરાશે. જે માટે સક્ષમ સત્તાતંત્ર પાસેથી વાલીપણા અંગેનું સંબંધિત પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૩ યોજનાના ભંડોળ માટેની પધ્ધતિ.

આ યોજના અંતર્ગત થતા કુલ ખર્ચની ૧૦૦ % રકમ ભારત સરકાર તરફથી રાજ્ય સરકારો / કેન્દ્ર શાસિત વહીવટી તંત્રોને મળવાપાત્ર છે. કેન્દ્ર સરકાર, નાણાકીય વર્ષની શરૂઆતમાં અંદાજપત્રની ફાળવની થયે, કેન્દ્રીય ફાળાની ૫૦% રકમ ફાળવી આપશે અને બાકીની ૫૦% રકમ ( જો કંઈ વણવપરાયેલ પુરાંત બચી હશે તો તે ધ્યાનમાં લીધા બાદ) રાજ્ય સરકારો/ કેન્દ્ર શાસિત પ્રદેશ વહીવટી તંત્રો તરફથી દરખાસ્ત મળ્યા બાદ તેમજ આગલાં વર્ષે ઉપલબ્ધ કરવામાં આવેલ સહાયની રકમ વપરાશનું પ્રમાણપત્ર રજૂ કર્યા બાદ ચૂકવવામાં આવશે.

<u>આ યોજના અંતર્ગત કેન્દ્રો સહાય પ્રતિમાસ વ્યંઢળ/કિન્નર બાળકદીઠ તેના માતા-પિતા રૂ.૧૦૦૦/- (રૂપિયા એક હજાર)ના દરે ઉપલબ્ધ કરવામાં આવશે.</u>

આ યોજના નીચે વર્ષમાં લગભગ ૫૦૦૦ હજાર લાભાર્થીઓને (વ્યંઢળ/કિન્નર બાળકોના માતા પિતા) આવરી લેવાનું વિચારાયી લવાયું છે. અલબત્ત જો રાજ્યો/કેન્દ્ર શાસિત વિસ્તારોના વહીવટી તંત્ર વધારે સંખ્યામાં પાત્રતા ધરાવતાં લાભાર્થીઓ શોધી શકશે તો અને તેમને માટે મંત્રાલય પાસેથી વધારાની સહાયની માંગણી રજુ કરશે તો તેટલાં વધારે લાભાર્થીઓ માટે કેન્દ્રીય સહાય ચૂકવવામાં આવશે.

સામાજિક ન્યાય અધિકારીતા મંત્રાલય પણ સ્વીકૃત સંસ્થાઓ મારફતે આ સંબંધે જાગૃતિ કાર્યક્રમ હાથ ધરશે જેને માટેનું ખર્ચ આ યોજનાઓ કરવામાં આવેલ અંદાજપત્રિય જોગવાઈમાંથી મેળવવા રહેશે.

## ૪. ચૂકવણીની પધ્ધતિ

સહાયરૂપ રકમ લાભાર્થી (વ્યંઢળ/કિન્નર બાળકના માતા-પિતા) ને માટે પોસ્ટ ઓફિસ અથવા સીડ્યુલ વાણીજ્યક બેન્કોના ખાતામાં જમા કરાશે.

## ૫. યોજનાના માહિતી આધાર અને સંચાલનનું કોમ્પ્યુટરાઈઝેશન

યોજનાના અમલમાં પારદર્શિતા અને જવાબદારીની ભાવનાને વિસ્તૃત બનાવવાના હેતુ થી દરેક લાભાર્થીઓની વિગતો કોમ્પ્યુટરાઈઝડ માહિતી આધારમાં નિભાવવામાં આવશે. એવી વ્યવસ્થા વિકસવાવવાની રહેશે. જે અનુસાર દરેક વિદ્યાર્થીને ચુકવવાની સહાયને રકમ સીધેધીધી તેના પોસ્ટ ઓફિસના અથવા સીડ્યુલ વાણીજ્યક બેન્કના ખાતામાં બારોબાર જમા કરાવવામાં આવે. લાભાર્થીઓન યાદી મંત્રાલયને તેઓની વેબસાઈડ ઉપર મુકવા માટે મોકલવામાં આવશે.

## ૬. યોજનાનું સુનિયંત્રણ

આ યોજનાનો અમલ કરતી તમામ રાજ્ય સરકારો / કેન્દ્ર શાસિત વિસ્તારોના વહિવટી તંત્રો લાભાર્થી માહિતી અને યોજના અંતર્ગત કરવામાં આવેલાં ખર્ચની વિગતો ભારત સરકારને નિયમિત રીતે છ માસિક અહેવાલ સ્વરૂપે મોકલી આપશે. રાજ્યો/કેન્દ્ર શાસિત વિસ્તારો સહાયની વિતરણને એ પ્રકારે પ્રવાહિત કરશે જેથી ચુકવણું નિયમતિ રીતે સમયસર કરવામાં આવે અને તેઓની પાસે મંજુરી માટેની વધુ પારદર્શક વ્યવસ્થા કાર્યરત થશે તેમજ તેઓ લાભાર્થીઓની વાર્ષિક ચકાસણી માટેની વ્યવસ્થા અપનાવશે અને ક્ષિત્રિય નિરીક્ષણ અને મુલાકાતો યોજશે જેથી ખાતરી કરી શકાય કે કેન્દ્રીય સહાય આવા લાભાર્થીને પહોંચે છે તેમજ યોજનાના અમલ અંતે પ્રતિભાવ પણ પ્રાપ્ત કરી શકાય એવી અપેક્ષા રાખવામાં આવે છે કે ગ્રામ પંચાયતો / નગર પાલિકાઓ આયોજના અંતર્ગત લાભાર્થી શોધી કાઢવા માટે સક્રિય ભૂમિકા નિભાવે ઉપરાંત મળવાપાત્ર કેન્દ્રીય સહાય રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશોને ઉપયોગીતા પ્રમાણપત્રો ઉપલબ્ધ કરવાની શરતે અને તેમની પાસે રહેલ વણવપરાયેલ પુરાંતને ધ્યાનમાં લઈ અને ઉપલબ્ધ કરવામાં આવે છે.

# વ્યંઢળ/કિન્નર વ્યકિતઓને કૌશલ્ય વિકાસ માટેની

# તાલીમ માટેની કેન્દ્ર પુરસ્કૃત યોજના

ભારત સરકાર

**સામાજિક ન્યાય અને અધિકારિત મંત્રાલય,**
**ભારત સરકાર**

## વ્યંઢળ/કિન્નર વ્યકિતઓને કૌશલ્ય વિકાસ માટેની તાલીમની યોજના

૧. **ઉદ્દેશઃ-**

રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોને વ્યંઢળ/કિન્નર જાતિની વ્યકિતઓ માટે કૌશલ્ય વિકાસની તાલીમ માટે સહાય ઉપલબ્ધ કરવા પાછળનો મુખ્ય ઉદેશ આ વ્યક્તિઓની શૈક્ષણિક અને સામાજિક આર્થિક પરિસ્થિતિમાં સુધાર લાવવાનો છે. જેથી તેઓ પોતાની મેળેજ આવક પ્રાપ્તિની પ્રવૃત્તિઓ હાથ ધરી શકે અને એક યા બીજા ક્ષેત્રમાં રોજગારી મેળવી શકે.

૨. **લક્ષિતજુથ અને પાત્રતના માપદંડ**

અ. આ યોજનાના લાભાર્થી વ્યંઢળ/કિન્નર જાતિના હોવા જોઈએ. અને તેની ઉંમર ૧૮ વર્ષ કરતાં વધુ હોવી જોઈએ. આ માટે સંબંધિત રાજ્ય સરકારો / કેન્દ્ર શાસિત પ્રદેશોના વહિવટી તંત્રોએ સૂચિત કરેલ સક્ષમ સત્તાતંત્ર દ્વારા જારી કરાયેલ વ્યંઢળ/કિન્નર જાતિના ઓળખપત્રની નકલ રજૂ કરવી પડશે.

બ. આ યોજના અંતર્ગત લાભ મેળવવા માટે લાભાર્થીના માતા-પિતા /કાનુની વાલિઓની કુલ વાર્ષિક આવક લાભાર્થીની પોતાની આવક સહિત તમામ સ્ત્રોતમાં થઈને રૂા.૨.૫૦ લાખથી વધારે ન હોવી જોઈએ. (જો વ્યંઢળ/કિન્નર વ્યક્તિ પોતાના માતા-પિતા / કાનુની વાલિ સાથે ન રહેતા હોય તો આ શરત આદેશાત્મક નથી.)

૩. **અમલ કરતી સંસ્થા**

આ યોજનાનો અમલ રાજ્ય સરકારો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની વહીવટી તંત્રો મારફતે કરાશે.

૪. **કેન્દ્રીય સહાયના ભંડોળની પધ્ધતિ**

આ યોજનાનો અમલ રાજ્ય સરકારો / કેન્દ્ર શાસિત પ્રદેશોના વહીવટી તંત્રો દ્વારા થાય છે તેઓને આ યોજના અંતર્ગત થનારા કુલ ખર્ચની ૭૫% રકમ કેન્દ્રીય સહાય તરીકે ભારત સરકાર તરફથી મળપાપાત્ર છે. બાકીની ૨૫% રકમ સંબંધિત રાજ્ય સરકારો / કેન્દ્ર શાસિત પ્રદેશોના વહીવટી તંત્રોએ ભોગવવાની છે. તેથી તેઓએ આ હેતુ માટે પોતાના અંદાજપત્રમાં આવશ્યક જોગવાઈ કરવાની રહે છે. કેન્દ્ર સરકાર, તેમને નાણાકીય વર્ષની શરૂઆતમાં અંદાજપત્રિય ફાળવણી થયે કેન્દ્રી સહાયની ૫૦ % રકમ ફાળવી આપશે અને

બાકીની ૫૦ % રકમ (રાજ્ય પાસે અગાઉના વર્ષની કરેલ ફાળવણીમાંથી વણવપરાયેલ પુરાંત બાકી રહી હોય તો તે ધ્યાનમાં લીધા બાદ ) રાજ્ય સરકાર / કેન્દ્ર શાસિત પ્રદેશોના વહીવટી તંત્રો પાસેથી દરખાસ્તો તેમજ અગાઉના નાણાકીય વર્ષના કરવામાં આવેલ ફાળવણીની રકમના ઉપયોગિતા પ્રમાણપત્રો મોકલી આપ્યા બાદ ફાળવવામાં આવશે. આ ભંડોળનો ઉપયોગ જે હેતુ માટે તેની ફાળવણી કરવામાં આવી છે તે હેતુ માટે જ કરવાનો રહેશે.

આ યોજનાનો અમલ કરતી તમામ રાજ્ય સરકારો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના વહીવટી તંત્રો ભારત સરકારને નિયમતિ રીતે છ માસિક અહેવાલ સ્વરૂપે લાભાર્થીઓની વિગતો અને યોજના અંતર્ગત થયેલ ખર્ચની વિગતો મોકલી આપશે આ યોજના અંતર્ગત ઉપલબ્ધ કરવામાં આવેલ નાણાકીય સહાયનો ઉપયોગ અન્ય કોઈ હેતુ માટે કરી શકશે નહીં.

## ૫. આવરી લેવાની પ્રવૃત્તિઓનો પ્રકાર

કેન્દ્ર સરકાર ૫૦૦૦ વ્યંઢળ/કિન્નર જાતિના લોકોને એક વર્ષની અંદર કૌશલ્ય વિકાસ યોજના માટે સહાય ઉપલબ્ધ કરશે જેથી તેઓ સ્વરોજગારી મારફતે અગર વેતન રોજગારીથી આવક પ્રાપ્તિ કરી શકે. જોકે રાજ્ય સરકારો/કેન્દ્ર શાસિત વિસ્તારો વધુ સંખ્યામાં પાત્રતા ધરાવતા લાભાર્થી શોધી કાઢે અને તેમને માટે વધારે માત્રામાં સહાયની માંગણી મંત્રાલય પાસે કરે તો વધારે સંખ્યામાં લાભાર્થીઓને આવરી લેવા માટે પણ કેન્દ્રીય સહાય આપી શકાશે.

આ સહાય લાભાર્થીઓ માટે ૨૦૦ કલાકના તાલીમી અભ્યાસક્રમ માટે અને એક અભ્યાસક્રમમાં વધુમાં વધુ ૩૦ લાભાર્થીઓને આવરી લેવા માટે વ્યંઢળ/કિન્નર લાભાર્થી દીઠ રૂા.૧૫૦૦૦/- સુધીની અપાશે. વ્યંઢળ/કિન્નર સમુદાયના લાભાર્થીઓને આ યોજનાનો લાભ મેળવવા માટે આગળ આવવા માટે પ્રોત્સાહિત કરવાના હેતુ થી સ્ટાઈપેન્ડ તરીકે વધારાના રૂા.૧૦૦૦/- પ્રતિમાસ પ્રતિ અભ્યાસક્રમ દરેક લાભાર્થીઓને ચૂકવવા માટેની સહાય પણ ઉપલબ્ધ કરાશે. આ કેન્દ્રીય સહાય ચુકવવાની પધ્ધતિ ઉપરના ફકરા નં.૪ માં દર્શાવ્યા અનુસારની રહેશે. તાલીમ માટેની પ્રવૃત્તિઓની દ્રષ્ટાંત રૂપ યાદી પરિશિષ્ટમાં આપવામાં આવેલ છે. આ યાદી માત્ર દ્રષ્ટાંત સ્વરૂપની છે અને તે પ્રવૃત્તિ માટેની સંપૂર્ણ યાદી નથી. રાજ્યો / કેન્દ્ર શાસિત વિસ્તારોના વહિવટી તંત્રો વ્યંઢળ/કિન્નર જાતિની વ્યકિતઓને માટેની તાલીમની વ્યવસ્થા પ્રતિષ્ઠિત અને માન્યતા ધરાવતી સંસ્થાઓ મારફતે કરશે. આ તાલીમી સંસ્થાઓને તાલીમ પામેલા વ્યકિતઓ પૈકી ૭૦ % વ્યંઢળ/કિન્નરોને નોકરી ઉપલબ્ધ કરી આપવા આદેશ કરવામાં આવશે. જો સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલાય સ્વિકૃત સંસ્થાઓ મારફતે આ કાર્યક્રમનો અમલ સ્વંયમ હાથ ધરશે તો આ યોજનાના હેઠળની અંદાજપત્રિય જોગવાઈમાંથી યોજનાનો પુરેપુરો ખર્ચ તેમાંથી ભોગવવાનો રહેશે.

## ૬. સ્વ-રોજગાર માટેના સાહસો મટે સબસીડીયુક્ત ધીરાણ

૧. લાભાર્થીઓ જે ઉદ્યોગમાં/પ્રવૃતિમાં તાલીમ પ્રાપ્ત કરી હોય તે ઉદ્યોગ પ્રવૃત્તિ માટે આ યોજના અંતર્ગત રૂા.૫ લાખ સુધીનું ધીરાણ પ્રાપ્ત કરાશે.

૨. આ ધિરાણની પરત ચૂકવણી શરૂ થાય તે પહેલાંનો લૉન ચુકવણા મુક્તિનો સમયગાળો (Moratorius) બે વર્ષનો છે. આ લૉન ચુકવણા મુક્તિ સમયગાળા સહિત ધીરાણની પરત ચુકવણી માટેનો કુલ સમયગાળો ૫ વર્ષનો છે. ભારત સરકાર અલગ રીતે સૂચત કરે તો સેસ્ટ ચેનેલાઈઝીંગ એજન્સી (SCA) પાત્રતા ધરાવતી વ્યંઢળ/કિન્નર વ્યક્તિ પાસેથી અરજી મેળવાયા બાદ ત્રણ મહિનાની અંદર ભંડોળનું વિતરણ કરશે.

૩. લાભાર્થી પાસેતી વસુલ કરવાપાત્ર વ્યાજની દર નીચે પ્રમાણે રહેશે.

(અ) રૂપિયા ૨૫૦૦૦ સુધીના પ્રોજેક્ટ માટે – વાર્ષિક ૫ %

(બ) રૂપિયા ૨૫૦૦૦ થી વધુ રકમના પ્રોજેક્ટો માટે – વાર્ષિક ૬%

(૪) ધીરાણમાટે વસુલાત પાત્ર વ્યાજના બેંકના દર આ યોજના હેઠળ સુચવેલ વ્યાજના દર કરતાં ઊંચા હશે તો બેન્કને સંબંધિત સ્ટેટ ચેનેલાઈઝીંગ એજન્સી (SCA) દ્વારા વ્યાજ દરના તફાવત જેટલી રકમ ચુકવી આપવામાં આવશે. સ્ટેટ ચેનેલાઝીંગ એજન્સી (SCA) બેન્કોને આ રકમ માસિક ધોરણે ચુકવશે જેથી કરીને વ્યાજ દરના આ તફાવતની સબસીડીની રકમ ઉપર બેન્ક દ્વારા ચક્રવૃધ્ધિ વ્યાજ વસુલવાનો પ્રસ્ન રહે નહીં.

(૫) લાભાર્થીઓને નીચે દર્શાવ્યા પ્રમાણે ધીરાણ સાથે જોડાયેલ બેન્ક એન્ડ મુડીની સબસીડી (Credit linked back-end capital subsidy) ઉપલબ્ધ કરાશે.

| પ્રાજેક્ટ માટેના ખર્ચનો ગાળો (રૂપિયા | સબસીડીનો દર |
|---|---|
| રૂપિયા ૨,૦૦,૦૦૦ સુધી | પ્રોજેક્ટ ખર્ચના ૫૦ % |
| રૂપિયા ૨,૦૦, ૦૦૦ થી ૫,૦૦,૦૦૦ | રૂપિયા એક લાખ થી રૂપિયા ૨ લાખ ૫ લાખની વચ્ચેના પ્રોજેક્ટ ખર્ચની ૩૩.૩ % |

(૬) આ સબસીડી Back – ended પ્રકારની હશે બેન્ક/ ધીરાણ આપતી સંસ્થા સબીસીડી સહિતની સંપૂર્ણ પ્રોજેક્ટ ખર્ચની રકમ લાભાર્થીને લોન/ધીરાણ તરીકે ચુકવશે. બેન્કો દ્વારા સબસીડીના રકમનું સંચાલન નીચે પ્રમાણે કરવામાં આવશે.

(અ) આ યોજના અંતર્ગત લાભાર્થીને મળવાપાત્ર સબસીડીની રકમ લાભાર્થીના નામે મુદત થાપણ તરીકે રાખવાને બદલે લાભાર્થી-દીઠ 'સબસીડી રિઝર્વ' 'ફંડ' ખાતામાં રાખવામાં આવશે. બેન્ક ઈત્યાદીએ આ "સબસીડી રિઝર્વફંડ" ખાતા ઉપર કોઈ વ્યાજ આકરાવાનું રહેશે નહીં.

આમ કરવાથી ધીરાણ ઉપર વ્યાજ આકારવાના હેતુ માટે તેમાંથી સબસીડીની રકમ બાદ થઈ જશે. "સબસીડી રીઝર્વ ફંડ" ખાતે બાકી રહેતી રકમ SLR/CRR ના હેતુ માટે ચુકવવાની થતી કરવેરાની જવાબદારીનો હિસ્સો બનશે નહીં.

(૭) ધીરાણ પરત ચુકવણીઓનું સમયપત્રક એવી રીતે તૈયાર કરવામાં આવશે કે "સબસીડી રિઝર્વ ફંડ" ખાતે રહેલી સબસીડીની રકમ લૉન/ધીરાણ પરત ચુકવણાની સાથે એડજસ્ટમેન્ટ તરીકે મુડી સબસીડીના રકમ બારોબાર થઈ જશે. લાભાર્થીએ આ યોજના નીચે સૂચિત કરવામાં આવેલ લોનની પરત ચુકવણીના સમયપત્રક અનુસાર પ્રોજેક્ટનાં ધિરાણની રકમ પુરતી પરત ચુકવણી કરવાની રહેશે. ધીરાણ આપતી સંસ્થાએ પ્રોજેક્ટની પ્રવૃત્તીના આધાર પર નક્કી કરેલ ચોક્કસ સમયગાળા દરમ્યાન જે ધિરાણની રકમ પુરેપુરી પરત ચુકવાઈ જાય તો લાભાર્થીને સબસીડીનો કોઈ લાભ મળવાપાત્ર નથી. લાભાર્થીને સબસીડીનો લાભ ત્યારે મળવાપાત્ર થશે જ્યારે તેણે પોતાને મંજુર કરવામાં આવેલ પ્રોજેક્ટ માટેની લૉનનો યોગ્ય ઉપયોગ કર્યો હોય.

(૮) ધિરાણ કરનાર સંસ્થા લાભાર્થીને લૉનની પાસબુક આપશે. આ પાસબુકની અંદર, અન્ય બાબતોની સાથેસાથે, ધિરાણ મંજુર કર્યાની તારીખ, મંજુર કરવામાં આવેલ ધિરાણની રકમ, પરત ચુકવણીની અંતિમ હપ્તામાં સબીસીડીની એડજેસ્ટ કરવાની થતી રકમ, વ્યાજનો દર, હપ્તો ભરવાની થતી તારીખ વગેરે દર્શાવવામાં આવશે.

(૯) લાભાર્થીઓને બેન્ક પાસેથી બીજીવાર કે તે પછી પણ ધિરાણ લેવાની જરૂર પડશે તો આ યોજના હેઠળની મુડી – સેબસીડી કે વ્યાજ – સબસીડી કે અન્ય ગ્રાન્ટ મળવાપાત્ર નથી.

(૧૦) સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય હેઠળની ફાઈનાન્સ અને ડેવલપમેન્ટ કોર્પોરેશન અથવા યોજના અંતર્ગત નક્કી કરવામાં આવેલી અન્ય કોઈપણ એજન્સી, લાભાર્થીને ઉચિત્તમ લાભ પ્રાપ્ત બને તે સુનિશ્ચિત કરવા માટે લૉન/ધિરાણ અને સબસીડીમાં સહાયક અથવા સંકલનકાર બનશે. આ કોર્પોરેશન / આ યોજના અંતર્ગત નક્કી કરવામાં આવેલી સંસ્થાને પોતાના જ ભંડોળમાંથી આ યોજના અંતર્ગત ખર્ચ કરવાની સત્તા રહેશે, જે ખર્ચની રકમ તેમને મજરે આપવામાં આવશે. ઉપરાંત, ફાઈનાન્સ અને ડેવલપમેન્ટ કોર્પોરેશનોને પોતાના ભંડોળમાંથી, યોજનામાં સૂચિત કરવામાં આવેલા દરે, લક્ષિત જુથને લૉન / ધિરાણ ઉપલબ્ધ કરવાનો તેમજ તેની વસુલાત કરવાનો વિકલ્પ રહેલો છે. અલબત્ત, આવી રકમ સરકારમાંથી મજરે મળવાપાત્ર નથી. તેવા કિસ્સામાંઓમાં, તેઓ તાલીમ માટેની સહાય, વ્યાજની સબસીડી (જો જરૂર જણાય તો ), મુડી –સબસીડી વગેરે પ્રકારની સહાય યોજનાની જોગવાઈ અનુસાર મેળવવા પાત્ર છે.

(૧૧) આ યોજના રાષ્ટ્રીય કક્ષાએ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયના નેજા હેઠળની ફાઈનાન્સ અને ડેવલપમેન્ટ કોર્પોરેશનો અથવા આ હેતુ માટે નિયત કરેલી અન્ય સંસ્થાઓ મારફતે અમલી બનશે. રાજ્ય કક્ષાએ અમલ કરતી સંસ્થા આ હેતુ માટે નિયત કરેલી સ્ટેટ ચેનલાઈઝનીંગ એજન્સી (SCA) છે. આ ઉપરાંત, સ્વ-સહાય જુથો મારફતે લઘુ (Micro) ધિરાણ યોજનાઓ અને અન્ય પ્રતિષ્ઠિત લઘુ ધિરાણ સંસ્થાઓ અને બિન સરકારી સંગઠનોને પણ સામેલ કરવા માટે પ્રોત્સાહિત કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

(૧૨) શ્રમ અને રોજગાર મંત્રાલય, જિલ્લા ગ્રામીણ વિકાસ એજન્સી (DRDA) વગેરેની પ્રવર્તમાન યોજનાઓનો પણ લાભાર્થીઓની તાલીમ માટે ઉચિત ઉપયોગ કરવાનો રહેશે.

(૧૩) જો લાભાર્થીઓ દ્વારા આ ભંડોળનો ઉપયોગ પોતાની અન્ય જરૂરિયાતો માટે કરવામાં આવશે તો બેન્કો આ સંદર્ભે તેમની નીતિ- નિયમો અનુસાર કાર્યવાહી હાથ ધરી શકશે. વળી જો એમ જોવામાં આવે કે કોઈ લાભાર્થીએ સબસીડીની રકમ તેને જે હેતુ માટે સહાય ઉપલબ્ધ કરવામાં આવી હતી તે સિવાયના અન્ય હેતુ માટે ઉપયોગમાં લીધી છે તો તે લાભાર્થી સબસીડીની પુરેપુરી રકમ શિક્ષાત્મક વ્યાજની ૯% ના વાર્ષિક દરે તાત્કાલિક ધોરણે પરત ચુકવવા બંધાયેલ છે. ઉપરાંત, આવા લાભાર્થીને આ યોજના અંતર્ગત કોઈપણ પ્રકારની સહાય મળવાપાત્ર બનશે નહીં.

## <u>પરિશિષ્ઠ</u>

### દ્રષ્ટાંતરૂપ પ્રવૃત્તિઓ/ ઉદ્યોગોની યાદી

1. સુથારી
2. કોમ્પ્યુટર સેન્ટર
3. ક્રાફ્ટ (હસ્તકલા કેન્દ્ર)
4. ડાયરી બનાવવાની તાલીમ
5. ઈલેકટ્રીશનય માટેની તાલીમ
6. ફળફળાદી જાળવણીની તાલીમ
7. હીરા ઘસવાની તાલીમ
8. મોટર વાઈન્ડીંગ અને ફિટીંગની તાલીમ
9. ફોટોગ્રાફીની તાલીમ
10. પ્લમ્બીંગની તાલીમ
11. છાપકામ, કંમ્પોઝીંગ, બુક-બાઈન્ડીંગની તાલીમ
12. સ્કુટર / મોટર સાઈકલ/ ઓટો રીક્ષા રીપેરીંગની તાલીમ
13. કાંતણ અને વણાટની તાલીમ
14. ટાઈપીંગ અને શોર્ટહેન્ડ કેન્દ્ર
15. ટાઈ અને ડાઈ તાલીમ
16. ચર્મકામની તાલીમ
17. સ્પ્રે-પેઈનટીંગ અને ડેન્ટીંગ
18. વેલ્ડીંગ અને ફિટરની તાલીમ
19. ટીવી, વીસીઆર, રેડિયો રીપેરીંગની તાલીમ
20. સીવણ કામની તાલીમ
21. બ્યુટીપાર્લર
22. રાધણકલા / કેટરીંગ સેવા

નોંધ- આ યાદી સંપૂર્ણ નથી પ્રવૃત્તિઓની માત્ર દ્રષ્ટાંતરૂપ યાદી છે.